JAIN JAGRUTI CENTRE 1975

Price : 5/-

Total Page : 32 Monthly

# જાગૃતિ સંદેશ

# JAGRUTI SANDESH

Vol 19 Issue No. 4 - Mumbai APRIL 2019

પરસ્પર પરિચય અને પ્રેમથી પાંગરતો પરિવાર

## ચાલો રજાઓની મજા માણીએ દેશ-વિદેશમાં...



# AWARDS FUNCTION




જેજેસી સેન્ટ્રલ બોર્ડ ચેરિટેબલ ટ્રસ્ટના ચેરમેન શ્રી જિતેન્દ્ર કોઠારી તથા
જેજેસી સેન્ટ્રલ બોર્ડના ચેરમેન શ્રી સંજય શાહ અને સર્વ પદાધિકારીઓ



જેજેસી ચેરિટેબલ ટ્રસ્ટની
માહિતી આપતા ચેરમેન
શ્રી જિતેન્દ્ર કોઠારી



જેજેસી સેન્ટ્રલ બોર્ડની
માહિતી આપતા ચેરમેન
શ્રી સંજય શાહ



ટ્રસ્ટ માટે સંદેશો આપતા ભૂતપૂર્વ ચેરમેન શ્રી રમેશ મોરબીયા



સેન્ટ્રલ બોર્ડના કાર્યક્રમની રૂપરેખા આપતા વાઇસ ચેરમેન શ્રી પ્રફુલ કામદાર



સમગ્ર કાર્યક્રમનું સંચાલન કરતા સેક્રેટરી જનરલ શ્રી કિશોર શેઠ

# જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ

## જાગૃતિ સંદેશ

૨૦૧, માથારૂ આર્કેડ, સુભાષ રોડ, વિલેપાર્લા (પૂર્વ), મુંબઈ-૫૭. ફોનઃ ૬૬૯૭૩૦૩૮/૬૫૭૨૬૬૩૬
Website: www.jainjagruti.com
E-mail: admin@jainjagruti.com
editor@jainjagruti.com

માનદ્ તંત્રી : **શ્રી ચંદ્રકાંત એફ. શાહ**



**કૅબિનેટ કમિટી ૨૦૧૮-૨૦૧૯**

| | |
|---|---|
| ચૅરમૅન | : શ્રી સંજય બી. શાહ |
| તા.ભૂ.પૂ.ચૅરમૅન | : શ્રી રમેશભાઈ જે. મોરબિયા |
| વાઈસ ચૅરમૅન | : શ્રી પ્રફુલ્લ વી. કામદાર |
| | શ્રી પ્રવીણ એ. શાહ |
| સેક્રેટરી જનરલ | : શ્રી કિશોર એસ. શેઠ |
| સેક્રેટરી | : શ્રી જયંતીલાલ કે. છાડવા |
| | શ્રી ઉદય ડી. સંઘવી |
| | શ્રી અનિલ જી. દોશી |
| | શ્રી વિજય એચ. મહેતા |
| ડેવલપમેંટ સેક્રેટરી | : શ્રી સુનીલ પી. શાહ |
| ખજાનચી | : શ્રી રાજેશ સી. ગાંધી |
| | શ્રી રાજેશ આર. ભણસાલી |
| તંત્રી | : શ્રી ચંદ્રકાંત એફ. શાહ |

**જેજેસી-સેન્ટ્રલ બોર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટ-કમિટી**

| | |
|---|---|
| ચૅરમૅન / કાયમી ટ્રસ્ટી | : શ્રી જિતેન્દ્ર એસ. કોઠારી |
| તા.ભૂ.પૂ.ચૅરમૅન/અનુદાન ટ્રસ્ટી | : શ્રી કિશોર એન. શાહ |
| વાઈસ ચૅરમૅન / ટ્રસ્ટી | : શ્રી રમેશ જે. મોરબિયા |
| વાઈસ ચૅરમૅન / કાયમી ટ્રસ્ટી | : શ્રી સંજય બી. શાહ |
| સેક્રેટરી / ટ્રસ્ટી | : શ્રી પ્રફુલ્લ વી. કામદાર |
| સેક્રેટરી / ટ્રસ્ટી | : શ્રી અમિત ડી. કોઠારી |
| ખજાનચી / ટ્રસ્ટી | : શ્રી હસમુખ કે. દેઢિયા |

(અનુદાન ટ્રસ્ટી)
શ્રી પ્રવીણ જી. શાહ, શ્રી કમલેશ સી. શાહ

**કાયમી ટ્રસ્ટી** : શ્રી હર્ષદ જે. ગાંધી

(ટ્રસ્ટીઓ)

| | |
|---|---|
| શ્રી અનિલ જી. દોશી | શ્રી શૈલેશ ડી. શાહ |
| શ્રી કિશોર એસ. શેઠ | શ્રી રાજેશ આર. ભણસાલી |
| શ્રી રાજેશ સી. ગાંધી | શ્રી ધર્મેશ એસ. જૈન |
| શ્રી જયંતી કે. છાડવા | શ્રી ચંદ્રકાંત એફ. શાહ |

આમંત્રિત

| | |
|---|---|
| શ્રી દિનેશ વ્હી. શાહ | શ્રી કીર્તિ કે. શાહ |
| શ્રી કિરણ એચ. શાહ | શ્રી મુકેશ સી. શાહ |
| શ્રી રસિક એન. કોઠારી | શ્રી મહેંદ્ર પી. શાહ |
| શ્રી ઉદય ડી. સંઘવી | શ્રી રમેશ જી. લાખાણી |

**પત્રિકામાં પ્રગટ થતા લેખો કે વિચારો લેખકના અંગત છે. તેની સાથે સંસ્થા કે તંત્રી સહમત છે એમ માની લેવું નહીં.**
**કાનૂની કાર્યવાહીનું અધિકાર ક્ષેત્ર મુંબઈ રહેશે.**


**છૂટક મૂલ્ય રૂા.૫/- વાર્ષિક લવાજમ રૂા.૫૦/-**

## Message From The CHAIRMAN.....



**મારા સ્નેહાળ મિત્રો ભાઈઓ તથા બહેનો - બાળકો,**

જોતજોતામાં વેકેશન આવી ગયું. કોઈ વતનમાં, તો કોઈ મોસાળમાં, કોઈ દેશમાં તો કોઈ પરદેશમાં ફરવા જવાની તૈયારી કરવા લાગે છે. ભાગ્યે જ કોઈ પરિવાર બાકી હશે કે ક્યાંય ન જવાના હોય એ પરિવારે નક્કી કરેલ છે કે આ વખતે આઈપીએલ મૅચ પરિવાર સાથે રોજ સાંજે જોવાની.

આ વર્ષે વૅકેશન દરમિયાન સૂર્યદેવનો મિજાજ કાંઈ ઑર જ હતો. આવા સમયે કાળઝાળ ગરમીમાં ક્યાંય ફરવાની મજા ન આવે. ફક્ત હિલ સ્ટેશનનો જ આશરો! પણ તે માણસોથી કેટલા ઊભરાય કે બે-ચાર દિવસો તો બહુ થઈ ગયા. રાજસ્થાન-સૌરાષ્ટ્ર-કચ્છ-એમ.પી. કે વિદર્ભ ક્યાંય જવાય નહીં ત્યારે પ્રશ્ન થાય છે કે સરકારે લાંબી વૅકેશન ઉનાળામાં જ કેમ આપી? ઘરમાં હોત તો સાત-આઠ કલાક સ્કૂલમાં છાંયડે/હવે એ.સી.માં બેસી ભણી લેત અને દિવાળી વૅકેશનમાં લાંબી વૅકેશન આપી હોત તો ત્યારે ફરવાની કેવી મજા આવત! આવું કોણે નક્કી કર્યું? વાત એમ છે કે આપણા પર ૧૫૦ વર્ષ રાજ કરનારા ઇંગ્લૅન્ડથી આવેલા ગોરાઓને આપણો ઉનાળો સહેવાય નહીં તેથી ઉનાળો આવતાં પહેલાં જ તેઓ બિસ્તરાપોટલા બાંધી સ્વદેશ જતા રહેતા. બે મહિના બાદ આવતા. તે દરમિયાન ભારતમાં ૪૫ દિવસની વૅકેશન! શાળા તો બંધ, પણ કોર્ટ-કચેરી પણ બંધ! કમનસીબી એ છે કે સ્વતંત્ર થયા પછી પણ આપણે તે પ્રથાને વળગી રહ્યા. ફેરફાર કરવો જોઈતો હતો, પણ કાંઈ જ કર્યું નહીં. આગે સે ચલી આતી હૈ. વચ્ચે ૧૦ વર્ષ પહેલાં થોડીક ચળવળ ચાલેલી, પણ પછી એ પણ અભેરાઈ ઉપર! આપણે ઍજ્યુકેશન પ્રધાનને વિનંતી કરીએ કે પ્રજાનું કાંઈક સાંભળો!

જે.જે.સીનો હાયર ઍજ્યુકેશન પ્રોજેક્ટ આજે જેજેસીનો સરતાજ પ્રોજેક્ટ બની ગયો છે એ આપણે જ નહીં, પણ જૈન અને જૈનેતરની બીજી સંસ્થાઓ પણ કબૂલ કરે છે. બહારથી આર્થિક રીતે હૃષ્ટપુષ્ટ દેખાતો જૈન સમાજ અંદરખાને નબળો પડી ગયો છે

– તેની પ્રતીતિ તો અમે જ્યારે વિદ્યાર્થીઓ અને તેમના વડીલો સાથે બેસીએ છીએ ત્યારે થાય છે. રાજકારણીઓએ શિક્ષણનું વ્યાપારીકરણ કરતા શિક્ષણ મોંઘુ થઈ ગયું જે આપણા મધ્યમ વર્ગના જૈનોને પરવડી શકે નહીં.

આજે શિક્ષણ નામનું એક નવું પરિમાણ ઉમેરાઈ ગયું છે ત્યારે બાળકોને મોંઘેરું ઊંચું શિક્ષણ આપવું અને એ માટે વ્યવસ્થા કરવી પરમધર્મ બની ગયો છે તેવું સાધુ-સંતોને પણ સમજાઈ ગયું છે અને તે તરફ તેમના પ્રયત્નો શરૂ પણ થઈ ગયા છે. તેથી જ તેઓ પણ આપણા જેજેસીના શિક્ષણ અભિયાનને આશીર્વાદ આપી અનુમોદિત કરી રહ્યા છે.

તાજેતરમાંજ તા. ૬-૪-૨૦૧૯ ને શનિવારે મુંબઈ ખાતે **Umang Banquet Hall (Santacruz)**, સેન્ટ્રલ બોર્ડ દ્વારા આયોજીત દાતાઓના સન્માન સમારંભમાં આપણો સરતાજ પ્રોજેક્ટ હાયર ઍજ્યુકેશન સહાય યોજનાની જ્યોત, પોતાના આર્થિક સહયોગથી પ્રજ્વલિત રાખનાર જૈન શ્રેષ્ઠીઓ તથા વિવિધ જૈન જાગૃતિ સેન્ટરોએ જેઓએ તેમના માનવંતા સભ્યોના સહકારથી રૂા. પાંચ લાખ કે તેથી વધારે રકમનો સહયોગ આપ્યો છે તેઓનું સન્માન કરવામાં આવ્યું.

સેન્ટ્રલ બોર્ડ આયોજિત આ સમારંભમાં પાંચ લાખ લઘુત્તમ મર્યાદાની રેખા રાખી દરેક સહયોગીઓને ટ્રૉફી આપી સન્માનવામાં આવ્યા. આ પાછળનો સ્પષ્ટ હેતુ અનુમોદનાનો છે. જેઓએ સહયોગ આપ્યો છે તેઓને પ્રોત્સાહન આપવાનું અને જે સેન્ટર ગોલ ચૂકી ગયા છે તેઓને નવેસરથી મહેનત કરી પાંચ લાખના ક્લબમાં જોડાવા આહ્વાન આપવાનું છે. ઘણાં સેન્ટરોએ સંકલ્પ જાહેર કર્યો કે અમે આ વર્ષે ચોક્કસપણે અમારા સેન્ટરના દાતારી સભ્યોનો સાથ લઈને આ ક્લબમાં જોડાઈ જઈશું જ.

કારણ, ભારતીય સમાજમાં જૈનોએ જો ઉચ્ચતમ માનવર્ધક સ્થાન જાળવી રાખવું હોય તો હવે જૈનનાં સંતાનોએ હાયર ને હાયર ઍજ્યુકેશન લેવું જ પડે. યુરોપ-અમેરિકાની શિક્ષણ નીતિના રવાડે ચડેલી આપણી શિક્ષણપદ્ધતિમાં આ ત્યારે જ શક્ય બને જ્યારે જિનશાસનદેવની કૃપાથી સંપન્ન થયેલા શ્રેષ્ઠીઓ આ પ્રોજેક્ટ માટે જગડુશા-ભામાશા-વિમળશા-વસ્તુપાળ તેજપાળની જેમ તેમની તિજોરી સાધર્મિકોના ઉત્થાન માટે ખુલ્લી મૂકી દે.

સમૃદ્ધ, સુખી, જૈન સમાજનું સર્જન કરવા દરેક જૈનોએ બાલદી નહીં તો ઓછામાં ઓછી ટબૂડી ભરીને સહયોગ આપવો જરૂરી બની ગયું છે.

આવેલા સહયોગનો વહીવટ કેવો થઈ રહ્યો છે તે દર્શાવતા આંકડાકીય કોઠા (ચાર્ટ) દરેક સેન્ટરોને અને સહયોગીઓને મોકલી આપવામાં આવ્યા છે.

ઉપરાંત દરેક રસ ધરાવતી વ્યક્તિઓને વિદ્યાર્થીઓના ઈન્ટરવ્યૂ સમયે સેન્ટ્રલ બોર્ડની ઑફિસમાં અગાઉથી જાણ કરીને રૂબરૂ આવી આપણી એટલે કે જેજેસીની અતિપ્રસિદ્ધ અને સર્વ સમાજમાં સરાહના પામેલ System જોવા આવવા આમંત્રણ છે. ખરેખર આપણે સમાજમાં મસ્તક ગર્વથી ઊંચું રાખી શકીએ તેવી રેખાને સ્પર્શી ગયા છીએ. ચાલો, આપણે સૌ દરેક સભ્યો પણ એ ગર્વના ભાગીદાર બનીએ.

*લિ. સંજય બી. શાહ*

*ચૅરમૅન: જે.જે.સી. – સેન્ટ્રલ બોર્ડ*

---

## રસથાળ

### વરિયાળીનું સરબત

**સામગ્રી :** ૧૦૦ ગ્રામ વરિયાળી, ૧૦૦ ગ્રામ ખાંડ, અર્ધી ચમચી સંચળ પાઉડર, ૪-૫ ગ્લાસ પાણી, અર્ધી ચમચી મરી પાઉડર, ૨ નંગ લીંબુનો રસ, મીઠું સ્વાદ મુજબ-ફુદીનાનાં પાન, અર્ધી ચમચી શેકેલો જીરુંપાઉડર.

**રીત :** વરિયાળીને રાત્રે ૧ ગ્લાસ પાણીમાં પલાળી રાખવી. સવારે તે જ પાણી સાથે મિક્સરમાં ક્રશ કરી રાખો. આ મિક્સરમાં બીજું પાણી, મીઠું, ખાંડ, મરીપાઉડર, સંચળપાઉડર, જીરુંપાઉડર તથા લીંબુનો રસ ઉમેરી ખૂબ હલાવવું. જરૂર લાગે તો બ્લેન્ડર ફેરવવું. ગાળીને ફ્રિઝમાં ઠંડું કરવા મૂકો. સર્વ કરતી વખતે ગ્લાસમાં બરફનો ભૂકો નાખી શરબત ઉમેરી ફુદીનાના પાનથી ગાર્નિશ કરી સર્વ કરો.

# મનોરંજનની અટારીએથી

| જે.જે.સી. | તારીખ | કાર્યક્રમ | |
|---|---|---|---|
| ● જેજેસી.અમૃત નગર | : ૧૦-૩-૧૯ | હે જીંદા દિલ જવાનો આપકો શત્ શત્ પ્રણામ | ✦ |
| | : ૨૨-૩-૧૯ | એક ભુલ વન્ડરફુલ - નાટક | ✦ |
| ● જેજેસી જુહુ | : ૩-૩-૧૯ | જીંદગી ના મિલેગી દોબારા - નાટક | ◈ |
| | : ૧૩-૩-૧૯ | બદલા - ફિલ્મ | ◈ |
| | : ૧૭-૩-૧૯ | વિલેજ કાર્નીવલ | * |
| | : ૨૧-૩-૧૯ | ધુળેટી સંગીતમય કાર્યક્રમ | * |
| | : ૨૪-૩-૧૯ | સંગીત ડે સાથી | ◈ |
| | : ૨૬-૩-૧૯ | કેસરી - ફિલ્મ | ◈ |
| ● જેજેસી જુહુ બીચ | : ૩૧-૩-૧૯ | કૈસે કરેંગે - નાટક | ◈ |
| ● જેજેસી બોરીવલી | : ૧૩-૩-૧૯ | જવાન તુઝે સલામ - ઑર્કેસ્ટ્રા | ◈ |
| | : ૨૧-૩-૧૯ | વિકાસ ગાંડો થયો - નાટક | ✦ |
| ● ભાંડુપ વિક્રોલી | : ૨૯-૩-૧૯ | એક ભુલ વન્ડરફુલ - નાટક | ◈ |
| ● જેજેસી. એલીસબ્રીજ | : ૧૫-૩-૧૯ | શાતિર - નાટક | * |
| ● જેજેસી. ચેમ્બુર | : ૨૧-૩-૧૯ | રંગ રસીયો - લોક ગીતો | * |
| ● જેજેસી. લે. વિ.અમદાવાદ | : ૬-૩-૧૯ | ચુલી - રિસોર્ટ | * |
| ● જેજેસી કાંદિવલી | : ૨૧-૩-૧૯ | ગ્રીન વ્હીલેજ - રિસોર્ટ | ◈ |
| ● જેજેસી. મલાડ | : ૨૯-૩-૧૯ | મ્યુઝીકલ ઈવ્હીનીંગ - તાલ સે તાલ મિલે - ઑર્કેસ્ટ્રા | ◈ |
| ● જેજેસી. મુલુંડ | : ૧૨-૧૩/-૩-૧૯ | મેરા ભારત મહાન - મ્યુઝીકલ શો | ◈ |
| | : ૧૯-૩-૧૯ | ભાવયાત્રા | ✦ |
| | : ૨૧-૩-૧૯ | રંગોત્સવ | * |
| ● જેજેસી. મુંબઈ | : ૬-૩-૧૯ | બરફના ચહેરા | ◈ |
| | : ૧૦-૩-૧૯ | પિકનિક - સાયલેંટ હિલ રીસોર્ટ | * |
| | : ૨૩-૩-૧૯ | એક સાંજનો જલસો - નાટક | * |
| ● જેજેસી. નવી મુંબઈ | : ૧૨-૩-૧૯ | સાનુ ઍન્ડ નાનુ -નાટક | ◈ |
| | : ૪થી૭-૩-૧૯ | ટોટલ ધમાલ - ફિલ્મ | ◈ |
| | : ૨૧-૩-૧૯ | સાયલેંટ હીલ - રીસોર્ટ | * |

| | | | | |
|---|---|---|---|---|
| • જેજેસી. નૉર્થ ઈસ્ટ | : | ૨-૩-૧૯ | બરફના ચહેરા - નાટક | ◈ |
| | : | ૭-૩-૧૯ | લુકા છુપ્પી - ફિલ્મ | ◈ |
| | : | ૧૧-૩-૧૯ | બદલા - ફિલ્મ | ◈ |
| | : | ૨૧-૩-૧૯ | ધૂળેટી પ્રોગ્રામ - રંગોત્સવ | * |
| | : | ૨૫-૩-૧૯ | કેસરી - ફિલ્મ | ◈ |
| • જેજેસી. નૉર્થ વેસ્ટ | : | ૪-૩-૧૯ | બરફના ચહેરા -નાટક | ◈ |
| | : | ૧૪-૩-૧૯ | બદલા - ફિલ્મ | ◈ |
| | : | ૨૧-૩-૧૯ | ધૂળેટી પ્રોગ્રામ | * |
| | : | ૨૬-૩-૧૯ | કેસરી - ફિલ્મ | ◈ |
| • જેજેસી. જેમ જગડુશા | : | ૭-૩-૧૯ | બરફના ચહેરા | ◈ |
| | : | ૯-૩-૧૯ | વુમન્સ ડે પ્રોગ્રામ | * |
| | : | ૧૩-૩-૧૯ | બદલા - ફિલ્મ | ◈ |
| | : | ૨૧-૩-૧૯ | ધૂળેટી પ્રોગ્રામ - રંગોત્સવ | * |
| | : | ૨૮-૩-૧૯ | Manu Damji - નાટક | ◈ |
| • જેજેસી. નંદુરબાર | : | ૧૭-૩-૧૯ | જલ મંદિર - ઉદ્‌ઘાટન | * |
| • જેજેસી. પિંક પંત નગર | : | ૯-૩-૧૯ | બરફના ચહેરા - નાટક | ✦ |
| | : | ૧૨-૩-૧૯ | વુમન્સ ડે સેલીબ્રેશન - કાજલ ઓઝા વૈદ્ય | * |
| | : | ૨૧-૩-૧૯ | ધુળેટી | * |
| • જેજેસી. પનવેલ | : | ૨૧-૩-૧૯ | જેજેસી સંગ - ધુળેટીના રંગ - પિકનિક | * |
| • જેજેસી. રજવાડી | : | ૮-૩-૧૯ | વુમન્સ ડે સેલીબ્રેશન - રમત મહોત્સવ | * |
| | : | ૧૧-૩-૧૯ | વિકાસ ગાંડો થયો છે - નાટક | ◈ |
| | : | ૧૫-૩-૧૯ | બદલા - ફિલ્મ | ✦ |
| | : | ૨૫-૩-૧૯ | કેસરી - ફિલ્મ | ✦ |
| • જેજેસી. લે.વિ. સે.મુંબઈ | : | ૧૫-૩-૧૯ | સેલીબ્રેશન વુમન્સ ડે વીથ લેડીઝ સ્પેશલ બૅન્ડ | ✦ |
| | : | ૨૩-૩-૧૯ | સાસુ વહુનુ ૨૦-૨૦ - નાટક | ◈ |
| • જેજેસી. વાપી | : | ૧૦-૩-૧૯ | વુમન્સ ડે - મ્યુઝીકલ સાપ સીડી | * |
| • જેજેસી. વસઈ | : | ૨૪-૩-૧૯ | વિકાસ ગાંડો થયો - નાટક | ◈ |

સંજ્ઞા : જમણ સાથે * જમણ વિના ◈ નાસ્તો ✦


**દરેક સેન્ટરના પ્રમુખ તથા સેક્રેટરીને આથી જાણ કરવામાં આવે છે કે દરેક કાર્યક્રમ પત્યા પછી તુરંત જ સર્ક્યુલર તથા ઈ-મેઈલ સેન્ટ્રલ બૉર્ડની ઑફિસમાં પહોંચાડવામાં આવશે તો જ ત્યાર પછીના ઈસ્યૂમાં છાપવામાં આવશે.**

## જૈન જાગૃતિ સેન્ટર તથા જૈન જાગૃતિ સેન્ટર-સેન્ટ્રલ બોર્ડ ચેરિટેબલ ટ્રસ્ટના દ્વારા નીચેનાં પદાધિકારી તથા સર્વે સેન્ટરોના સેન્ટ્રલ બોર્ડના જન્મદિવસ નિમિત્તે ચેરમેન હાર્દિક શુભેચ્છા પાઠવે છે

## MAY CHARTER DATE

| Sr. No. | Name Of Centre | Charter Date | President | Mobile No | Secretary | Mobile No. |
|---|---|---|---|---|---|---|
| 1 | Ladies Wing Jamnagar | 10-05-2009 | Chetna Mehta | 9824419633 | Seema Shah | 9033011305 |
| 2 | Toronto | 11-05-2008 | Nilesh Parikh | 14165799121 | Nailesh Vora | 14168267925 |
| 3 | Juhu | 12-05-1988 | Bhupendra Mehta | 9821042538 | Kishor Sheth | 9869870333 |
| 4 | Gondal | 22-05-2005 | Prakash Panchamiya | 9898293580 | Dipak Tilia | 9429548966 |
| 5 | Upleta | 22-05-2005 | Ashok Sheth | 9825221831 | Rajesh Karavadia | 9428791144 |
| 6 | Amalner | 30-05-1992 | Mukesh Kothari | 9423186121 | Uday Shah | 9423560745 |

### JJC CENTRAL BOARD



**Name** : **Sanjay B. Shah**
**Date of Birth** : 08-05-01953
**Mobile No.** : 9821050169
**Email ID** : sanb.shah@gmail.com

### JJC CENTRAL BOARD



**Name** : **Ramesh J. Morbia**
**Marriage Date** : 18-02-1979
**Mobile No.** : 9323925420
**Email ID** : jjc_northeast@yahoo.com

### JJC CENTRAL BOARD



**Name** : **Vijay H. Mehta**
**Marriage Date** : 29-05-1985
**Mobile No.** : 9826897956
**Email ID** : mehtavijaybhai1@gmail.com

### JAIN JAGRUTI CENTRE CENTRAL BOARD CHARITABLE TRUST



**Name** : **Jitendra S. Kothari**
**Marriage Date** : 31-05-1983
**Mobile No.** : 9821012321
**Email ID** : jitukothari@gmail.com

### JJC CENTRAL BOARD



**Name** : **Ramesh J. Morbia**
**Date of Birth** : 03-05-1954
**Mobile No.** : 9323925420
**Email ID** : jjc_northeast@yahoo.com

### JJC CENTRAL BOARD



**Name** : **Kishor S. Sheth**
**Marriage Date** : 26-05-1983
**Mobile No.** : 9889870333
**Email ID** : kishor.anco@gmail.com

### JJC CENTRAL BOARD



**Name** : **Sunil P. Shah**
**Marriage Date** : 02-05-1985
**Mobile No.** : 9820278883
**Email ID** : opticalpalaceghatkopar@gmail.com

### JJC CENTRAL BOARD



**Name** : **Rajesh R. Bhansali**
**Marriage Date** : 31-05-1975
**Mobile No.** : 9820045847
**Email ID** : account@saumildiamond.com

### JAIN JAGRUTI CENTRE CENTRAL BOARD CHARITABLE TRUST



**Name** : **Kishor N. Shah**
**Marriage Date** : 10-05-1961
**Mobile No.** : 9323368038
**Email ID** : nandkishor91@yahoo.co.in

# ભગવાન મહાવીરના પાંચ સિદ્ધાંતો

ભગવાન મહાવીરના પાંચ સિદ્ધાંતો એટલે અહિંસા અનેકાન્ત, અપરિગ્રહ, સંયમ અને તપ. બીજી રીતે કહીએ તો પાંચ વ્રતો. અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ. બન્નેનો ભાવ અને હેતુ એક જ છે. આ પાંચ સિદ્ધાંતો અથવા પાંચ વ્રતો એટલે મહાવીરનો આચારધર્મ, જેને સમ્યક્ ચારિત્ર કહીએ. જૈનધર્મ મુખ્યત્વે ચારિત્રધર્મ છે. સમ્યક્ ચારિત્ર સાથે સમ્યક્ દર્શન અને સમ્યક્ જ્ઞાન, આ રત્નત્રયી મોક્ષમાર્ગ છે. સમ્યક્ ચારિત્રને એક જ શબ્દમાં કહેવું હોય તે સંયમધર્મ. સર્વ પ્રકારનો સંયમ. અહિંસા એટલે હિંસાનો સંયમ. અનેકાન્ત એટલે વિચાર અને વાણીનો સંયમ, અપરિગ્રહ એટલે પરિગ્રહ પરિમાણ, પરિગ્રહનો સંયમ, તપ અથવા બ્રહ્મચર્ય એટલે ભોગોપભોગનો સંયમ, સત્ય એટલે અસત્યનો સંયમ. વિચાર, વાણી અને વર્તન સર્વમાં સંયમ. બીજી રીતે કહીએ તો વિવેક, જેને જૈન પરિભાષામાં જતના અથવા યતના કહે છે. આ બધાનો સાર એ છે કે માણસનું જીવન પ્રમાદરહિત હોવું જોઈએ, વિચારમય અને જાગ્રત. અપ્રમત્ત ભાવ હોય ત્યારે માણસ સારા-સારનો વિવેક કરે છે. એક વિવેકગુણમાં બધા સદ્‌ગુણ સમાઈ જાય છે. ગુણોની એકતા છે. એક ગુણનું પૂરૂં આચરણ થાય તો બધા ગુણ આવી મળે છે. એક દુર્ગુણ પેસે તો બીજા દુર્ગુણોને નોતરે છે તેથી ભગવાને કહ્યું છે કે માણસે એક ક્ષણ પણ પ્રમાદ ન કરવો.

આવા સમ્યક્ ચારિત્રનો પાયો અથવા આધાર, બે પ્રકારના છેઃ જ્ઞાન દર્શન અને અનુભવ. ભગવાન મહાવીરે એક પૂર્ણ જીવનદર્શન આપ્યું છે. તે સાથે આધ્યાત્મિક જીવનની અનુભવવાણી કહી છે. જ્ઞાનદર્શનથી વિચારતાં, જીવ શું છે, જગત્ શું છે, વગેરે તાત્વિક પ્રશ્નો થાય છે. મહાવીરનું જીવનદર્શન આત્મવાદી અને મોક્ષગામી છે. આત્મા છે, તે નિત્ય છે. તેને કર્મનાં વળગણો છે. તેને કારણે જન્મ-મરણના ફેરા છે. તેમાંથી મુક્તિ છે, તે મુક્તિનો માર્ગ છે. તે માર્ગ એટલે ચારિત્રધર્મ, જેને કારણે કર્મની નિર્જરા અથવા ક્ષય થાય છે અને શુદ્ધ આત્મસ્વરૂપનું જ્ઞાન થાય છે.

મેં કહ્યું તેમ, ચારિત્રધર્મનો બીજો પાયો અનુભવ છે. તત્ત્વજ્ઞાનીઓ દર્શનશાસ્ત્ર રચે છે, તર્ક અને બુદ્ધિથી જીવનના રહસ્યનો તાગ પામવા પ્રયત્ન કરે છે. સંતપુરુષો અનુભવની વાણી કહે છે. આધ્યાત્મિક સાક્ષાત્કારથી સનાનત સત્યો બતાવે છે.

દરેક માણસ, દરેક જીવ, સુખ અને શાન્તિ ઈચ્છે છે. મનુષ્ય વિચારવંત પ્રાણી છે. તેને સ્મૃતિ છે તેથી ભૂતકાળનો વિચાર કરે છે. બુદ્ધિ છે તેથી વર્તમાનનો વિચાર કરે છે, કલ્પના છે તેથી ભવિષ્યનો વિચાર કરી શકે છે. મહાવીરના ધર્મનો પાયાનો સિદ્ધાંત છે કે મનુષ્ય પોતે પોતાના સુખદુઃખનો કર્તા છે, તેનો ભોક્તા છે, તેનો વિકર્તા છે. માણસ પોતે પોતાનો મિત્ર છે, પોતાનો શત્રુ છે. આ કર્મનો સિદ્ધાંત છે, પુરુષાર્થનો સિદ્ધાંત છે.

સુખને ઝંખતો માણસ, સાચા સુખને તજી, ઝાંઝવાના જળ પેઠે, ખોટા સુખ પાછળ દોડે છે અને અંતે દુઃખી થાય છે. સાચા સુખના ત્રણ મુખ્ય લક્ષણો છે. સાચુ સુખ પોતાને સુખ આપે અને બીજાને પણ સુખ આપે. બીજાને દુઃખી કરી પોતે મેળવેલ સુખ સાચું. સુખ નથી. બીજા પણ એમ જ કરે તો સૌ દુઃખી થાય. સાચું સુખ સાચા આનંદ પેઠે જેમ વહેંચીએ તેમ વધે છે. બીજું, સાચું સુખ સદા સુખ જ રહે, કોઈ વખત દુઃખમાં ન પરિણમે. જે સુખ થોડા સમય પછી દુઃખમાં પરિણમે, પોતાને માટે કે બીજા માટે, તે સાચું સુખ નથી. તે ક્ષણિક છે. સુખનો આભાસ છે. દારૂ પીવાથી ક્ષણિક સુખ લાગે, અંતે હાનિકારક થાય ત્રીજું, સાચું સુખ સ્વાવલંબી છે. પરાવલંબી સુખ સાચું સુખ નથી. બાહ્ય સાધનો અથવા અન્યના આધારે પ્રાપ્ત થતું સુખ દીર્ઘકાળ ટકે નહિ. તેમાં પરાધીનતા છે અને તુલસીદાસે કહ્યું છે તેમ, પરાધીન સપને સુખ નહિ. સાચું સુખ અંતરમાં છે. તે હોય તો ચિરકાળ ટકે છે. અંતરની શાંતિ ન હોય તો બહારથી દેખાતી સાહ્યબી, બોજારૂપ છે.

ભગવાન મહાવીરે જે ચારિત્રધર્મ બતાવ્યો છે તે આવા સાચા સુખનો માર્ગ છે. સર્વને હિતકારી છે. એ માર્ગ અનુભવની વાણી છે, માત્ર જાતે અનુભવે અને આચરણમાં મૂકે તેને આ માર્ગની યથાર્થતા સમજાય એથી વિપરીત અનુભવ કરી જુએ અને દુઃખી થાય ત્યારે ફરી સાચા માર્ગે આવવાનું મન થશે. માણસ સ્વતંત્ર છે, જે માર્ગે જવું હોય તે માર્ગે જાય. પણ ભગવાને કહ્યું છે, સાચું સુખ અને શાંતિ જોઈતાં હોય તો આ જ માર્ગ છે. બીજો કોઈ નથી. નાન્યઃ પન્થાઃ

હવે આ પાંચે સિદ્ધાંતો અથવા વ્રતો થોડી વિગતથી વિચારીએ.

પ્રથમ અહિંસાનો વિચાર કરીએ. મહાવીરે અહિંસાને પરમ ધર્મ કહ્યો છે. હિંસાને બધાં પાપનું અને દુઃખનું મૂળ માન્યું છે. અહિંસામાંથી બીજા બધા સિદ્ધાંતો અથવા વ્રતો

આપોઆપ ફલિત થાય છે. જૈન ધર્મ જેટલો અહિંસાનો સૂક્ષ્મ વિચાર બીજા કોઈ ધર્મમાં નથી. માત્ર બાહ્ય વર્તનમાં જ નહિ પણ વિચાર અને વાણીમાં પણ અહિંસા. વિચારમાં હિંસા ભરી હોય તો વાણીમાં આવે અને વાણીમાં હિંસા હોય તો વર્તનમાં આવે. હિંસાનું મૂળ માણસનું મન છે. War is born in the hearts of men. વિશેષમાં, મહાવીરની અહિંસા મનુષ્ય પૂરતી સીમિત નથી, પણ પ્રાણીમાત્રને આવરી લે છે. પુનર્જન્મના સિદ્ધાંતને માનતા હોઈએ તો જીવ આજે એક યોનિમાં છે, કાલે બીજી યોનિમાં હોય. આજે કીડી કીટક છે, કાલે મનુષ્ય હોય. પોતાના માની લીધેલા સુખ માટે બીજા મનુષ્યને તો શું પણ મનુષ્યેતર પ્રાણીસૃષ્ટિને પણ દુઃખ આપવાનું મનુષ્યને અધિકાર નથી. જૈન ધર્મ જીવનની એકતા Unity of life માને છે. સર્વ જીવને, નાના કે મોટાને, સમાન માને છે. સર્વ પ્રત્યે સમાન આદર રાખે છે. મનુષ્યેતર પ્રાણીસૃષ્ટિ પ્રત્યે જે વ્યક્તિ ક્રૂરતા કરે તે મનુષ્ય પ્રત્યે પણ ક્રૂર થાય. ક્રૂરતા માત્ર બાહ્ય આચરણ નથી, અંતરનું લક્ષણ છે. જેના અંતરમાં ક્રૂરતા છે તે મનુષ્ય પ્રત્યે પણ ક્રૂર થતાં અચકાશે નહિ. અંતરમાં કરુણા હોય તો બધાં પ્રાણી પ્રત્યે વહે. અહિંસા માટે ભગવાને કહ્યું છે.

(૧) જ્ઞાની હોવાનો સાર એ છે કે કોઈ જીવની હિંસા ન કરવી.

(૨) તું જેને મારવા ઈચ્છે છે તે બીજો કોઈ નહિ પણ તારા જેવું જ ચેતનવાળું પ્રાણી છે, તેથી ખરેખર તે તું પોતે જ છે.

(૩) સર્વ પ્રાણીને પોતાનું જીવન પ્યારું છે; સર્વને સુખ ગમે છે, કોઈને દુઃખ ગમતું નથી. વધ બધાને અપ્રિય છે. સૌ જીવવા ઈચ્છે છે. તેથી કોઈ પ્રાણીની હિંસા ન કરવી.

(૪) દુનિયામાં સર્વ પ્રાણીઓ પ્રત્યે, પછી તે શત્રુ હોય કે મિત્ર, સમભાવથી વર્તવું એનું નામ અહિંસા છે.

(૫) સર્વ જીવો પ્રત્યે સંયમપૂર્વકનું વર્તન કરવું તેમાં નિપુણ તેજસ્વી અહિંસા છે. સર્વ ધર્મસ્થાનોમાં ભગવાને આવી અહિંસાને પ્રથમ સ્થાન આપ્યું છે.

બીજો સિદ્ધાંત અનેકાન્ત, અહિંસાનું બીજું સ્વરૂપ છે. અનેકાન્ત એટલે વિચારની અહિંસા. હું કહું છું તે જ સત્ય છે એવા મતાગ્રહ કે દુરાગ્રહમાં હિંસા છે. બીજાના કથનમાં પણ સત્યનો અંશ હોય એવી ઉદાર દૃષ્ટિ એટલે અનેકાન્ત, ભૌતિક જગત્‌માં આઈન્સ્ટાઈને સાપેક્ષવાદ શોધ્યો. આધ્યાત્મિક જગતમાં મહાવીરે સાપેક્ષ દૃષ્ટિ બતાવી. વિનોબાજીએ કહ્યુ છે કે અનેકાન્ત દૃષ્ટિ મહાવીરની જગતને વિશિષ્ટ દેન છે. છાશમાંથી માખણ કાઢવા વલોણાં કરવું પડે છે તેમ સત્ય શોધવા વિચારું વલોણું કરવું અનેકાન્ત છે. અનેકાન્તમાં સહિષ્ણુતા છે, સહઅસ્તિત્વની ભાવના છે, સમતા ભાવ છે, સમન્વય દૃષ્ટિ છે. અનેકાન્તના એક બે દાખલા આપું. ભગવાનને પૂછ્યું, નિદ્રા સારી કે જાગૃતિ? ભગવાને જવાબ આપ્યો, પાપી માનવોની નિદ્રા સારી, ધર્માત્માઓની જાગૃતિ સારી. વળી કોઈએ ભગવાનને પૂછ્યું, સબળ અને સાવધાન હોવું સારું કે દુર્બળ અને આળસું હોવું સારું? ભગવાને કહ્યું, અધર્મી આત્માએ દુર્બળ અને આળસુ હોવું સારું કે જેથી પાપપ્રવૃત્તિ ઓછી કરશે. ધર્મશીલ વ્યક્તિએ સબળ અને સાવધાન હોવું સારું, જેથી ધર્મચરણમાં અગ્રસ્થાને રહે.

બધી વસ્તુને સાપેક્ષ ભાવે વિચારવી અને દરેક સ્થિતિમાં રહેલ સત્યનો અંશ જોવો તેનું નામ અનેકાન્ત-વસ્તુ નિત્ય છે, અનિત્ય પણ છે. દ્રવ્યથી નિત્ય છે, પર્યાયે અનિત્ય છે.

ત્રીજો સિદ્ધાંત અપરિગ્રહ. પરિગ્રહ પાપનું મૂળ છે. પરિગ્રહ એટલે માત્ર વસ્તુની પ્રાપ્તિ કે સંગ્રહ જ નહિ. પરિગ્રહ એટલે વસ્તુમાં મૂર્છા અથવા આસક્તિ. સમૃદ્ધિ છતાં આસક્તિ ન હોય તે અપરિગ્રહ છે; દરિદ્રતા હોવા છતાં પરિગ્રહલાલસા હોય તે પરિગ્રહી છે. પણ તેનો અર્થ એમ નથી કે પરિગ્રહ વધારવો અને મૂર્છા કે આસક્તિ નથી એવો દાવો કરવો. મોટે ભાગે આ ભ્રમણા હોય છે લોભ કે તૃષ્ણાને કોઈ સીમા નથી અને આત્મવંચના અતિ સૂક્ષ્મપણે માણસ કરી શકે છે. વર્તમાન જગતની યાતનાઓનું મુખ્ય કારણ અસીમ પરિગ્રહ છે. વ્યક્તિનો કે દેશનો. ફરજિયાત પરિગ્રહ-વિસર્જન એટલે સામ્યવાદ. સ્વેચ્છાએ પરિગ્રહ પરિમાણ એટલે મહાવીરનો અપરિગ્રહ અથવા ગાંધીની ટ્રસ્ટીશિપની ભાવના, દુનિયાએ આ માર્ગે ગયા વિના છૂટકો જ નથી. અહિંસાની દ્રષ્ટિએ જોઈએ તો પરિગ્રહ પ્રાપ્ત કરવા હિંસા કરવી પડે છે, પ્રાપ્ત કરેલ પરિગ્રહને સંઘરી રાખવા પણ હિંસા કરવી પડે છે. સીધી રીતે વ્યક્તિની હિંસા ન હોય તો પણ સામાજિક અથવા રાજકીય હિંસા હોય. હિંસાના આશ્રય વિના પરિગ્રહ ટકતો નથી. મનુષ્યના શોષણથી પરિગ્રહ પ્રાપ્ત થાય છે. રાજ્યના લશ્કર કે પોલીસથી તેનું રક્ષણ થાય છે. મનુષ્ય એમ માને છે કે પરિગ્રહથી તેને સુખ મળે છે. વાસ્તવમાં પરિગ્રહજ તેના બંધનનું કારણ બને છે, તેને બાહ્ય વસ્તુઓનો ગુલામ બનાવે છે. મહાવીરે પરિગ્રહ વિષે કહ્યું છે.

(૧) વસ્તુ પ્રત્યે મમત્વ રાખવું એ જ પરિગ્રહ છે.

(૨) પ્રમત્ત માણસ ધનથી ન આ લોકમાં પોતાની રક્ષા કરી શકે ન પરલોકમાં,

(૩) વિશ્વમાં સર્વ પ્રાણીઓ માટે પરિગ્રહ જેવું કોઈ બન્ધન નથી, કોઈ જાળ નથી.

(૪) જેમ ભમરો પુષ્પમાંથી રસ ચૂસે છે પણ પુષ્પનો

નાશ કરતો નથી તેમ શ્રેયાર્થી મનુષ્ય પોતાની વ્યાવહારિક પ્રવૃત્તિમાં બીજાને ઓછામાં ઓછો ક્લેશ આપે કે પીડા કરે.

મહાવીરનો ચોથો સિદ્ધાંત સંયમ. સંયમ મહાવીરે પ્રરૂપેલ ધર્મનો પાયો છે. વિચાર, વાણી અને વર્તન બધામાં સંયમ એટલે વિવેક, સુખનો માર્ગ છે. ભોગોપભોગ અંતે દુઃખ પરિણામી છે. નદીનો પ્રવાહ વહેવા માટે તેને કાંઠા જોઈએ તેમ જીવનપ્રવાહ વહેવા સંયમ જોઈએ. બહારથી લાદેલાં બંધનો નિરુપયોગી અને હાનિકારક નીવડે છે. સ્વેચ્છાએ સ્વીકારેલ સંયમ સ્વસ્થતા અને પ્રસન્નતા અર્પે છે. અદમ્ય વાસનાઓ જીવનને વેડફી નાખે છે. સ્વપુરુષાર્થથી તેને કાબૂમાં રાખી પોતાની જવનનૌકાનું સુકાન પોતાના હસ્તક રાખવું તેમાં મનુષ્યનું શ્રેય છે. મહાવીરે કહ્યું:

૧. હે પુરુષ, તું પોતે પોતાનો નિગ્રહ કર; સ્વયં નિગ્રહથી તું બધાં દુઃખોમાંથી મુક્તિ પામીશ.

૨. આત્મા દુર્દમ્ય છે માટે તેનું દમન કરવું જોઈએ. તેનું દમન કરવાવાળા આ લોક અને પરલોકમાં સુખી થાય છે.

૩. દુરાચરમાં પ્રવૃત્ત આત્મા જેટલું પોતાનું અનિષ્ટ કરે છે તેટલું ગળું કાપવાવાળો દુશ્મન પણ નથી કરતો.

૪. વાસનાઓ, તૃષ્ણાઓ ભારે શલ્યરૂપ છે, ભયંકર સર્પ જેવી છે. જે વાસનાઓને વશ પડી કામભોગોને ઝંખ્યા કરે છે તે છેવટ દુર્દશાને પામે છે.

૫. કામભોગો ક્ષણમાત્ર સુખ આપનારા છે અને દીર્ઘકાળ દુઃખ આપનારા છે. કામભોગોને મેળવતાં અને ભોગવતાં દુઃખ વધારેમાં વધારે છે, સુખ નજીવું છે. કામભોગો આત્માની સ્વતંત્રતાના શત્રુ છે, અનર્થની ખાણ છે.

મહાવીરનો પાંચમો સિદ્ધાંત તપ છે. તપ સંયમનું બીજું સ્વરૂપ છે. સંયમનું સાધન છે. દેહની વધારે પડતી આળપંપાળ આત્મવિકાસની બાધક છે. તપનો અગ્નિ કર્મ નિર્જરાનું સાધન છે. બાહ્ય તપ, માત્ર દેહકષ્ટ, કરતાં આભ્યંતર તપ ઉપર મહાવીરે ભાર મૂક્યો છે. તપ અંતરશુદ્ધિ માટે છે. જૈન ધર્મની દ્રષ્ટિ ચિત્તશુદ્ધિપ્રધાન છે. ચિત્તશુદ્ધિપ્રધાન છે. તેથી પ્રાયશ્ચિત, વિનય, વૈયાવૃત્ય, સ્વાધ્યાય, ધ્યાન વગેરે આભ્યંતર તપ વધારે ફળદાયી છે.

મહાવીરે કહ્યું છે કે આવો ચારિત્રધર્મ, અહિંસા, સંયમ અને તપનો, જીવનમાં ઉત્કૃષ્ટ મંગળ છે, જેનું મન સદા ધર્મમાં છે, તેને દેવો પણ નમન કરે છે.

*– ચીમનલાલ સી શાહ*


**Diwali vacation** with **NEXT HOLIDAYS** TOURS & TRAVELS

**7 Days in Dubai ₹54,000 ***
Without Air Ticket

5 Nights in 3* Hotel Stay with DBL Sharing
1 Night in 5* Lapita Resort by Marriott



- Dessart Safari with Bbq Dinner
- Half Day City Tour
- Dubai Mall
- Burj Khalifa 124 Top (None Pick Time)
- Musical Fountain
- Aquarium with Glass Tunnel
- Under Water Zoo
- Abu Dhabi Grand Mosque Tour
- Ferrari World
- Warner Brother
- Dolphin Show
- Global Village
- Glow Garden
- Dinosaur Park
- Art Park
- Bollywood Park
- Motion Gate
- Legoland Park
- Legoland Water Park
- Al Seef Creek Visit
- 2 Bottles of Water Daily Per Room
- 5 Dinner Coupons in Veg. Restaurants
- Daily Breakfast in Hotel
- Pick up & Drop from Dubai Airport
- Dubai Single Entry VISA
- All Hotel Taxes
- VAT
- Tourism Tax

HURRY
Package available for LIMITED ROOMS

Ad Art : 98201 01242

માણો દુબઈમાં મોજ
નેક્સટ હોલિડેઝ સંગ

Hiren Shah + 91 8108 2222 26 + 97 1556 1800 19
nextholidays7@gmail.com www.nextholidays.info

* Above rates are subject to change due to any additional Taxes, Services, Road Toll implemented by Government without prior notice. All services included in packages are compulsory and No refund will be given of the services which are not taken & valid for minimum 2 pax traveling together. **Please Note:** 5 % GST will be applicable on total land package.

ADVT

# જવાન તુઝે સલામઃ શહીદ જવાન ગૌરવ ફંડ

**રશ્મિકાંત જે. શાહ (સાયન-માટુંગા)**

માનનીય ચેરમેન શ્રી ટ્રસ્ટી શ્રી કારોબારી કમિટિનાં સર્વે સભ્યો-જૈન જાગૃતિ સેન્ટ્રલ બોર્ડ, તથા જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટ.

આપણાં તા. ૧૪મી માર્ચના ''જવાન તુઝે સલામ'' કાર્યક્રમથી જેજેસીનાં દરેક સભ્યોની છાતી ગજગજ ફુલે છે. દરેક શહીદ જવાનનાં પરિવારનું ગૌરવ વધે તેવાં સુંદર કાર્યક્રમનાં આયોજન બદલ આપ સહુને હૃદયપૂર્વકના અભિનંદન અને ધન્યવાદ!!! આ સફળ કાર્યક્રમને શબ્દોમાં વર્ણવી શકાય તેમ નથી પણ એક જ શબ્દમાં ''અદ્‌ભૂત'' એમ કહી શકું.

સરહદ પર જવાન પોતાની ફરજ બજાવે છે, તો આપણે પણ આપણી ફરજ બજાવવી જોઈએ, એ સંદેશ દરેકનાં દિલ સુધી પહોંચ્યો છે. આપણે જૈનો જેઓ લક્ષ્મીનો સદ્‌વ્યય, જીવદયા, સાધર્મિક ભક્તિ, ગુરુ વૈયાવચ્ચ વગેરેમાં કરે છે, તેમાં જેજેસીએ પણ ''જવાન તુઝે સલામ'' નામે ફંડ શરૂ કરી, સરહદ પર લડતાં દરેક જવાનનાં પરિવાર સાથે ઉભા રહેવું જોઈએ.

આપણાં આ કાર્યક્રમની નોંધ સમસ્ત દેશભરમાં લેવામાં આવી છે. જૈન જાગૃતિ સેન્ટરનું નામ ''ઉચ્ચ શિક્ષણ અભિયાન'' બાદ આ પ્રોજેક્ટથી મુઠ્ઠી ઉંચેરું થયું છે. જેમાં ન્યુઝમીડીયાએ પણ અમુલ્ય ફાળો આપ્યો છે. આપણાં આ Initiativeથી દેશભરમાં જેજેસીએ જે વિશ્વનીયતા હાંસલ કરી છે. એ ફક્ત જૈનો જ નહીં પણ દરેક વર્ગ, ક્લાસ અને માસ માટે પ્રેરણારૂપ બની રહ્યું છે.

લોકો દાન આપે જ છે, પરન્તુ તેમાં આપણી સંસ્થા લોકોનો વિશ્વાસ ધરાવે છે કે અહીં આપેલ દાનનો એક એક પૈસો યોગ્ય જગ્યાએ પહોંચે છે અને રાહત મેળવતાં દરેકના આશીર્વાદ મેળવે છે.

તો આવેલી આ જાગૃતિનો ઉપયોગ કરી, આપણે આ તકનો લાભ લઈ ''જવાન ફંડ'' ચાલુ રાખી, વખતોવખત જવાનોનાં પરિવારને આર્થિક આસીસ્ટન્સ આપતા રહીએ, તો આ કાર્ય જરૂર સફળ જ થાય. આપણાં સભ્યો તેમને ત્યાં ઉજવાતા સારા-માઠા પ્રસંગોએ (જેમ કે લગ્ન, જન્મદિવસ અવસાન વગેરે) અન્ય સખાવતોની જેમ ''જવાન ફંડ''માં લખાવતાં રહે, આ માટે દરેક શહીદ જવાનોની વિગત આપણને ઉપલબ્ધ થાય અને આપણા સભ્યોને તેમનું અનુદાન ડાયરેક્ટ જવાનના પરિવારનાં ખાતામાં જમા થાય તે રીતે Online Information આપતાં રહીએ તો એ જંગ લડવા જેટલું પુણ્યનું કાર્ય થશે. એવું અમારું માનવું છે.

આ કાર્યને આપ સહુ વિચારણા હેઠળ લાવી ઘટતું કરશો એવી આશા સાથે

ફરિ એક વાર આભાર અને ધન્યવાદ સર.

## રત્નકણિકાઓ

- જિંદગી ટૂંકી છે અને જંજાળ લાંબી છે, માટે જંજાળ ટૂંકી કર તો સુખરૂપે જિંદગી લાંબી લાગશે.
- તું ગમે તે ધંધાર્થી હો, પરંતુ આજીવિકાર્થે અન્યાયસંપન્ન દ્રવ્ય ઉપાર્જન કરીશ નહીં.
- 'સરળતા એ ધર્મનું બીજસ્વરૂપ છે.
- 'હું ક્યાંથી આવ્યો?', 'હું ક્યાં જઈશ?', 'શું મને બંધન છે?', 'શું કરવાથી બંધન જાય?', 'કેમ છૂટવું થાય?' આ વાક્યો સ્મૃતિમાં રાખવાં.
- સુખ-દુઃખ એ બન્ને મનની કલ્પના છે.
- ગુણીના ગુણમાં અનુરક્ત થાઓ.
- જે કૃત્યમાં પરિણામે દુઃખ છે તેને સન્માન આપતાં પ્રથમ વિચાર કરો.
- સંસારમાં પ્રારબ્ધાનુસાર ગમે તેવા શુભાશુભ ઉદય આવો, પરંતુ તેમાં પ્રીતિ-અપ્રીતિ કરવાનો આપણે સંકલ્પ પણ ન કરવો.

CAPS
Education to Profess

# CAPS- *EDUCATION TO PROFESS*

## CENTRE FOR CA/CS COACHING

**Mentor : Mundkur Shri CA Chandrashekhar Shetty S(Shetty Sir)**
B.com, PGDM, PGDCA, PGDFM, DIM, DISA, LL.B, CMA, CS, FCA, M.Sc., (Psych.), Dip.IFR(UK)

## ABOUT

CAPS, the premier institute, is providing coaching for all levels of CA/CS. It is the oldest and the best Coaching Centre in Bangalore started in the year 2001, with the blessings of Mundkur and Kateel Shree Durga Parameshwari and Sringeri Sharada Devi.

The comprehensive program of the Institute has been successful in helping thousands of students in achieving their dreams and aspirations of becoming a CA/CS.

## ACHARYAS

CAPS has an excellent team of faculty members, who have good reputation in teaching profession. The faculty members are multi-qualified, committed, dedicated, focused and student friendly

## HIGHLIGHTS

* Affordable Fees, but the best quality returns. We are more focused on Value and not cost
* We provide Financial Aid to Merit and Deserving Students.
* Thousands of Students Completed CA/CS Under CAPS Banner

## RECOGNITION

**INDIA EDUCATION AWARDS 2017**
**awarded CAPS- Education to profess as the**
BEST CA COACHING CENTRE IN KARNATAKA

## We Provide Coaching for

**CHARTERED ACCOUNTANCY**
- CA FOUNDATION/CPT
- CA INTERMEDIATE
- CA FINAL

**COMPANY SECRETARY**
- CS FOUNDATION
- CS EXECUTIVE
- CS FINAL

All India 1st Rank- 3 Times

99 All India Ranks till Date, out of only one Centre

## VALUE ADDITION

* Sports Meet and Picnic Bi-annually
* SLC - A unique communication and leadership development program
* Yoga - Health for everyone
* Personality Development Sessions
* Jnanabhandar - Library for knowledgeenrichment
* Alumni - Connect to Reconnect for professional networking
* CAPS foundation - a social welfare wing

*!! JOIN AND ENJOY CA/CS EDUCATION !!*

**Classes at : Our School, Near Banashankari BDA Complex, BSK II Stage, Bengaluru**

shettysir@yahoo.com
www.facebook.com/shettysir
26606897 / 9886683697
www.caps4ca.com

ADVT

# AWARDS FUNCTION




પુલવામા શહીદ ફંડના કલેકશન દાતા ટ્રોફી સ્વીકારતા શ્રી જિતેન્દ્ર કોઠારી હસ્તે શ્રી સંજય શાહ




પુલવામાં શહીદ ફંડનાં કલેકશન દાતા ટ્રોફી સ્વીકારતા શ્રી રમેશ મોરબીયા, મંજુલાબેન, ધનલક્ષ્મીબેન, નયનાબે ન હસ્તે શ્રી સંજય શાહ



પુલવામાં શહીદ ફંડનાં કલેકશન દાતા ટ્રોફી સ્વીકારતા શ્રી પરાગભાઈ શાહ હસ્તે શ્રી રમેશ મોરબીયા, શ્રી જયંતી છાડ઼વ ॥

# AWARDS FUNCTION



ઉચ્ચ શિક્ષણ અભિયાનના દાતા શ્રી કિશોર એન. શાહ વતી ટ્રોફી સ્વીકારતા શ્રી પ્રફુલભાઈ શાહ, શ્રી રાજેશ ગાંધી હસ્તે શ્રી જિતેન્દ્ર કોઠારી



ઉચ્ચ શિક્ષણ અભિયાનના દાતા સહિયારુ ફાઉન્ડેશન વતી ટ્રોફી સ્વીકારતા શ્રી રમેશ મોબરબીયા હસ્તે શ્રી સંજય શાહ



ઉચ્ચ શિક્ષણ અભિયાનના દાતા ટ્રોફી સ્વીકારતા શ્રીમતી મંજુલાબેન જેઠાલાલ મોરબીયા પરિવાર હસ્તે શ્રી જિતેન્દ્ર કોઠારી, શ્રી સંજય શાહ



ઉચ્ચ શિક્ષણ અભિયાનના દાતા શ્રી દિનેશભાઈ શાંતિલાલ શેઠ (જુહુ) વતી ટ્રોફી સ્વીકારતા શ્રી કિશોર શાહ હસ્તે શ્રી પ્રફુલ કામદાર



ઉચ્ચ શિક્ષણ અભિયાનના દાતા ટ્રોફી સ્વીકારતા શ્રી રાજેશ રમણિકલાલ ભણશાલી, અંજના ભણશાલી હસ્તે શ્રી જયંતી છાડવા



પુલવામાના અભિયાનનાં દાતા ટ્રોફી સ્વીકારતા શ્રી રમેશ મહેતા પરિવાર હસ્તે શ્રી રમેશ મોરબીયા, શ્રી જયંતી છાડવા



ઉચ્ચ શિક્ષણ અભિયાનના દાતા માતુશ્રી ધનવંતી વાલમજી ગોગરી ટ્રોફી સ્વીકારતા શ્રી પ્રવિણ નંદુ, શ્રી જતિન છેડા હસ્તે શ્રી અનિલ દોશી



ઉચ્ચ શિક્ષણ અભિયાનના દાતા શ્રીમતી પુષ્પાબેન પ્રવિણચંદ્ર નેમચંદ મહેતા વતી ટ્રોફી સ્વીકારતા શ્રી હરેશ પારેખ હસ્તે શ્રી સુનિલ શાહ

જાગૃતિ સંદેશ

# AWARDS FUNCTION



પુલવામા તથા ઉચ્ચ શિક્ષણ અભિયાનના દાતા શ્રી મહેન્દ્ર તુરખિયા વતી ટ્રોફી સ્વીકારતા શ્રી સંજીવ પારેખ હસ્તે શ્રી રાજેશ ગાંધી, શ્રી રાજેશ ભણશાલી



ઉચ્ચ શિક્ષણ અભિયાનના દાતા બીડીઆર ફાઉન્ડેશન વતી ટ્રોફી સ્વીકારતા શ્રી પિયૂષ શાહ, હસ્તે શ્રી અમિત કોઠારી



પુલવામાના દાતા શ્રી પી. એસ. ૧૦૦૮ ઘાટકોપર વેલફેર ટ્રસ્ટ વતી ટ્રોફી સ્વીકારતા શ્રી મનન પરાગ શાહ હસ્તે શ્રી રમેશ મોરબીયા, શ્રી જયંતી છાડવા



પુલવામાના દાતા અર્હમ યુવા સેવા ગ્રુપ વતી ટ્રોફી સ્વીકારતા શ્રી જય દેસાઈ હસ્તે શ્રી રમેશ મોરબીયા, શ્રી જયંતી છાડવા



પુલવામાના દાતા શ્રી મુંબાદેવી મંદિર ચેરિટીસ વતી ટ્રોફી સ્વીકારતા શ્રી મનિષ તપાડિયા, અલ્પા તપાડિયા હસ્તે દિનેશ શાહ, શ્રી કિરણ શાહ,



પુલવામાના દાતા શ્રી યોગેશભાઈ દેસાઈ વતી ટ્રોફી સ્વીકારતા શ્રી પ્રફુલ કામદાર, શ્રી રમેશભાઈ લખાણી, નીતિન પારેખ હસ્તે શ્રી હર્ષદ ગાંધી

# AWARDS FUNCTION




પુલવામાના દાતા લાયન્સ ક્લબ ઓફ બોમ્બે કિંગસર્કલ ચેરિટેબલ ટ્રસ્ટ વતી ટ્રોફી સ્વીકારતા શ્રી જયેશ શાહ હસ્તે શ્રી અનિલ દોશી




પુલવામાના દાતા શ્રી ચીમનલાલ ગીરધરલાલ મુળજી દોશી મહુવાવાળા (નલીન દોશી) વતી ટ્રોફી સ્વીકારતા શ્રી કીર્તિ શાહ હસ્તે શ્રી રાજેશ ગાંધી




પુલવામાના દાતા ટ્રોફી સ્વીકારતા શ્રી સુરેન્દ્ર એસ. જૈન તથા શ્રીમતી મમતાબેન, હસ્તે શ્રી જયંતી છાડવા



પુલવામાના દાતા ટ્રોફી સ્વીકારતા શ્રી કિરીટ મહેતા હસ્તે શ્રી રમેશ મોરબીયા, જયંતી છાડવા



પુલવામાના દાતા શ્રી અભયભાઈ શાહ વતી ટ્રોફી સ્વીકારતા શ્રી વિનોદ શાહ હસ્તે શ્રી સુનીલ શાહ




પુલવામાના દાતા રોટરી ક્લબ ઘાટકોપર ચેરિટેબલ ટ્રસ્ટ ટ્રોફી સ્વીકારતા શ્રી કુમાર કોઠારી  હસ્તે શ્રી રાજેશ ભણશાલી

# AWARDS FUNCTION




પુલવામાના અને ઉચ્ચ શિક્ષણ અભિયાનના દાતા ટ્રોફી સ્વીકારતા જેજેસી જુહુ બીચ કમીટી હસ્તે શ્રી સંજય શાહ, શ્રી રમેશ મોરબીયા




પુલવામાના અને ઉચ્ચ શિક્ષણ અભિયાનના દાતા ટ્રોફી સ્વીકારતા જેજેસી મુલુંડ કમીટી હસ્તે શ્રી જિતેન્દ્ર કોઠારી, શ્રી પ્રફુલ કામદાર




પુલવામાના અને ઉચ્ચ શિક્ષણ અભિયાનના દાતા ટ્રોફી સ્વીકારતા જેજેસી નોર્થ ઈસ્ટ કમીટી હસ્તે શ્રી સંજય શાહ, પ્રફુલ કામદાર




પુલવામાના અને ઉચ્ચ શિક્ષણ અભિયાનના દાતા ટ્રોફી સ્વીકારતા જેજેસી કાંદિવલી કમીટી હસ્તે શ્રી જિતેન્દ્ર કોઠારી, જયંતી છાડવા

# AWARDS FUNCTION



પુલવામાના અને ઉચ્ચ શિક્ષણ અભિયાનના દાતા ટ્રોફી સ્વીકારતા જેજેસી જૂહુ કમીટી હસ્તે શ્રી રમેશ મોરબીયા, શ્રી અમીત કોઠારી



પુલવામાના અને ઉચ્ચ શિક્ષણ અભિયાનના દાતા ટ્રોફી સ્વીકારતા જેજેસી અમૃતનગર કમીટી હસ્તે શ્રી રાજેશ ભણશાલી, સુનિલ શાહ



પુલવામાના અને ઉચ્ચ શિક્ષણ અભિયાનના દાતા ટ્રોફી સ્વીકારતા જેજેસી બોરીવલી કમીટી હસ્તે શ્રી સંજય શાહ, શ્રી રાજેશ ભણશાલી


પુલવામાના અને ઉચ્ચ શિક્ષણ અભિયાનના દાતા ટ્રોફી સ્વીકારતા જેજેસી બીચ સાઈડ કમીટી હસ્તે શ્રી જિતેન્દ્ર કોઠારી, શ્રી સુનિલ શાહ

# AWARDS FUNCTION




પુલવામાના અને ઉચ્ચ શિક્ષણ અભિયાનના દાતા ટ્રોફી સ્વીકારતા જેજેસી ચેમ્બુર કમીટી હસ્તે શ્રી રમેશ મોરબીયા, રાજેશ ગાંધી




પુલવામાના અને ઉચ્ચ શિક્ષણ અભિયાનના દાતા ટ્રોફી સ્વીકારતા જેજેસી સાયન-માટુંગા કમીટી હસ્તે શ્રી પ્રફુલ કામદાર, શ્રી અનિલ દોશી



પુલવામાના અને ઉચ્ચ શિક્ષણ અભિયાનના દાતા ટ્રોફી સ્વીકારતા જેજેસી મલાડ કમીટી હસ્તે શ્રી પ્રફુલ કામદાર, શ્રી રાજેશ ભણશાલી



ઉચ્ચ શિક્ષણ અભિયાનના દાતા ટ્રોફી સ્વીકારતા જેજેસી નોર્થ વેસ્ટ કમીટી હસ્તે શ્રી જયંતી છાડવા, શ્રી અનિલ દોશી



પુલવામાના અને ઉચ્ચ શિક્ષણ અભિયાનના દાતા ટ્રોફી સ્વીકારતા જેજેસી મુંબઈ કમીટી હસ્તે શ્રી દિનેશ શાહ, શ્રી હર્ષદ ગાંધી

# AWARDS FUNCTION




પુલવામાના અને ઉચ્ચ શિક્ષણ અભિયાનના દાતા ટ્રોફી સ્વીકારતા જેજેસી રજવાડી કમીટી હસ્તે શ્રી જિતેન્દ્ર કોઠારી, શ્રી રાજેશ ગાંધી, શ્રી રાજેશ ભણશાલી




ઉચ્ચ શિક્ષણ અભિયાનના દાતા ટ્રોફી સ્વીકારતા જેજેસી રોયલ જગડુશા કમીટી હસ્તે શ્રી રમેશ મોરબીયા, શ્રી જયંતી છાડવા



ઉચ્ચ શિક્ષણ અભિયાનના દાતા ટ્રોફી સ્વીકારતા જેજેસી નવી મુંબઈ કમીટી હસ્તે શ્રી જિતેન્દ્ર કોઠારી, શ્રી સુનિલ શાહ




પુલવામાના અને ઉચ્ચ શિક્ષણ અભિયાનના દાતા ટ્રોફી સ્વીકારતા જેજેસી પેડર રોડ કમીટી હસ્તે શ્રી સંજય શાહ, શ્રી અનિલ દોશી



ઉચ્ચ શિક્ષણ અભિયાનના દાતા ટ્રોફી સ્વીકારતા જેજેસી વિલેપાર્લા કમીટી હસ્તે શ્રી જિતેન્દ્ર કોઠારી, શ્રી રાજેશ ભણશાલી




ઉચ્ચ શિક્ષણ અભિયાનના દાતા ટ્રોફી સ્વીકારતા જેજેસી જેમ જગડુશા કમીટી હસ્તે શ્રી રમેશ મોરબીયા, શ્રી પ્રફુલ કામદાર

# "હૈ જિંદગી તો દોસ્ત હૈ ઊલટા પઢો હૈ દોસ્ત તો જિંદગી હૈ..."

■ કિરણ શાહ Past Chairman

જીવન એટલે પ્રેમનું ઝરણું, મૈત્રીની મહેફિલ અને માનવ્યનું ગૌરવ. અનેક સંબંધો વચ્ચે મૈત્રી એક પરમ-પવિત્ર છે. ભલે ભગવાને આપણને સગાં-વહાલાં આપ્યાં, પણ પાડ માનજો પ્રભુનો કે તેણે મિત્રોની પસંદગી આપણા પર છોડી દીધી છે. મિત્રને પસંદ કરવામાં એક પગથિયું નીચે ઊતરજો અને એ જાણજો કે સાચો મિત્ર એ છે કે જે તમારા દોષ જાણે અને તમારા સદ્‌ગુણોને નિહાળવા છતાં તમને ચાહે. ખરો મિત્ર એ છે કે જે તમારી સમૃદ્ધિ વેળા તમારી ખામી અને મૂર્ખામી વિશે ધ્યાન દોરે અને આપત્તિ વેળા હાથ અને હૈયાથી મદદ કરે. ટૂંકમાં લાગી ન હોય તોપણ તમારી સાથે દૂર સુધી પીપી કરવા આવે તે સાચો મિત્ર. કેટલાક મિત્રો તમારા પડછાયા જેવા હોય છે- જ્યારે સૂર્ય તપે ત્યારે જ જોવામાં આવે છે. મિત્ર માટેની એક અરબી કહેવત છે જેનો સારાંશ છે-મિત્ર તેને કહે જેની આગળ તમે હૃદયમાં જે કાંઇ હોય તે ઠાલવી શકો- દાણાં અને કુસકી, જે હોય તે. તમને ખાતરી છે કે એ કોમળ હાથો એને સાચવવાના છે અને જે રાખવા જેવું હોય તે રાખીને, બાકીનું કરુણાની ફૂંક વડે ઉડાવી મૂકવાના છે.

આપણે મિત્રો પ્રત્યે શા માટે માયા બતાવીએ છીએ? તેઓ આપણું મનોરંજન કરે છે માટે? ના, બલકે તેઓ આપણાથી મનોરંજિત થાય છે. માટે સારા મિત્ર બનાવવા હોય તો તેનો એક જ રસ્તો છે કે જાતે સાચા મિત્ર બનવું પડે. આના માટે એક સરળ ઉપાય છે-ધારો કે તમે કોઈ બીજી વ્યક્તિ હોત તો તમે તમારા મિત્ર થવાનું પસંદ કરત. મિત્રની ખોજ વેળાએ માણસે એક આંખ મીંચેલી રાખવી ઘટે અને તેને જાળવવા બન્ને આંખ. બંધિયાર મુઠ્ઠી કરતાં ખુલ્લા ખોળામાં ઘણા મિત્રો સમાઈ શકે છે, પણ એક વાત યાદ રાખજો, મિત્રોનો તમે જેટલો ઓછો ઉપયોગ કરો તેટલી મૈત્રી લાંબી ટકે છે. તમે તમારા મોં કરતાં કાન વડે વધારે મિત્રો જીતી શકો છો. માણસ પગ છૂટા કરવા ચાલવા જાય છે, પણ મન છૂટું કરવા મિત્રોને મળે છે. મૈત્રી સાચી પણ હોય છે અને મૈત્રી કાચી પણ હોય છે. મૈત્રી સુખ અને સગવડની પણ હોય છે. સાચો મિત્ર કોણ છે તે તારવવું બહુ સરળ છે. જ્યારે તમે કશીક મૂરખાઈ કરી બેસો ત્યારે તમે તે કાયમી કામ કર્યું છે એવી લાગણી તેને નહીં થાય. સાચો મિત્ર એ ગણાય કે તમારે ત્યાં ઈલેક્ટ્રિક પંખો નથી તે જાણવા છતાંય તમારે ત્યાં ભરબપોરે મુલાકાતે આવે. આપણા ત્રણ પ્રકારના મિત્રો હોય છેઃ તાળી મિત્રો, થાળી મિત્રો અને પ્યાલી મિત્રો. જ્યારે એક શાયરે કહ્યું છે કે દુનિયા મેં દો તરહ કે દોસ્ત હોતે હૈ, એક ક્લાસવાલે ઔર એક ગ્લાસવાલે. જિંદગી કા મતલબ ક્યા એક ધૂંધલી સી શામ, ચાર દોસ્ત, ચાર કપ ચાય (ચાર જામ) ઔર એક ટેબલ - એટલે જ ''મૈત્રીની મહેફિલ.'' અંકિત ત્રિવેદી દોસ્ત માટે કહે છે - ખભા પર હાથ મૂકો ને હૈયું હળવું થાય તેનું નામ ભાઈબંધ - દોસ્તી એટલે ખભાનું સરનામું-જેની સાથે જલસા પણ કરી શકાય અને જખ્મ પણ પંપાળી શકાય-વ્યથા અને આનંદ વહેંચવાનું સરનામું.

FRIENDનો મતલબ છેઃ

F - Few

R - Relation

I - In

E - Earth

N - Never

D - Dies.

''Thanks Heaven for Friends''-મિત્ર માટે મિત્રનો આભાર તો ખરો જ, પણ ઈશ્વરનો પણ એટલો જ આભાર. આજના કપરા સમયમાં જ્યારે સમય છે ઊકળતો ને જીવન છે સળગતું ત્યારે મિત્રોની હથેળીમાં જ આરામ મળે છે. મિત્રો માટે આપણે અંતરનેટ

રાખવાનું છે ઈન્ટરનેટ નહીં, કારણકે Good friends are hard to find, harder to leave, and impossible to forget - પણ ઘણા માણસની ફિતરત જુઓ. એ પ્રેમ કરતાં નફરતને વધુ યાદ રાખે છે. દોસ્ત ભુલાઈ જાય છે, પણ દુશ્મન કાયમ મગજ પર સવાર રહે છે. દરેક જણ એકબીજા માટે શું કહે છે તે બધા જાણી લે તો આ દુનિયામાં બે-પાંચ મિત્રો પણ જોવા નહીં મળે!! મોટા ભાગના મિત્રો પોતાના શ્રેષ્ઠતમ મિત્રોની લઘુતાનો જ આનંદ માણતા હોય છે, ત્યારે મને એમ લાગે છે કે દરેક માણસે ઠીકઠીક મોટા કદનું કબ્રસ્તાન નિભાવવું જોઈએ કે જેમાં તે પોતાના મિત્રોના દોષને દફનાવી શકે, કારણકે...

ફિક્ર - એ રોજગારને ફાસલે બઢા દિએ<br>
વરના સબ યાર એકસાથ થે<br>
અભી કલ હી કી બાત હૈ<br>
ચલે થે દોસ્તોં કા પૂરા કાફિલા લે કર,<br>
પર આધે જુદા હો ગએ, આધે 'ખુદા' હો ગએ<br>
કુછ ગુમશુદા હો ગએ, તો કુછ શાદીશુદા હો ગએ.

...અને અંતમાં શ્રી હરિવંશરાય બચ્ચનની કવિતા સારે દોસ્તોં કો સમર્પિત

અગર બીકી તેરી દોસ્તી...<br>
તો પહેલે ખરીદાર હમ હોંગે...!<br>
તુઝે ખબર ન હોગી તેરી કિંમત...<br>
પર તુઝે પાકર સબસે અમીર હમ હોંગે...!!<br>
દોસ્ત સાથ હો તો રોને મેં ભી શાન હૈ...<br>
સારા ખેલ દોસ્તી કા હૈ એ મેરે દોસ્ત<br>
વરના જનાજા ઔર બારાત એક સમાન હૈ।<br>
।। શુભ રાત્રિ મિત્રો ।।

મૈત્રી માટે મિત્રનો આભાર તો ખરો જ, પણ જે.જે.સી.નો પણ એટલો જ આભાર જેણે જીવનભર સાથે રહે એવા દોસ્ત આપ્યા અને એ Feeling આપી કે ''જિન્દગાની કિ સફર મેં તું અકેલા હી નહીં હૈ - હમ ભી તેરે હમસફર હૈ!!!''

## જૈન જાગૃતિ સેન્ટરના નવા સેન્ટરો ખોલવા બાબત...

ભારતભરના તથા પરદેશમાં વસતા સમગ્ર જૈનોને એક છત્ર નીચે લાવી જૈનોનો સામાજીક તથા રાજકીય ક્ષેત્રે અવાજ બુલંદ બનાવવા જૈન જાગૃતિ સેન્ટરની નેમને વધુ સફળ બનાવવા આપણા ધ્યાનમાં કોઈ એવું ક્ષેત્ર હોય જ્યાં જૈનોની વસતી સારા પ્રમાણમાં હોય અને ત્યાં જૈન જાગૃતિનું કોઈ પણ સેન્ટર ન હોય તો આપને વિનંતી છે કે આપ ત્યાં સેન્ટર ખોલવા પ્રયત્ન કરો અને તે વિષે જૈન જાગૃતિ સેન્ટરની ઑફિસે જાણ કરો.

સંપર્કઃ ૨૦૧, માથારૂ આર્કેડ, સુભાષ રોડ, વિલેપાર્લા (પૂર્વ), મુંબઈ-૫૭.<br>
ફોનઃ ૬૬૯૭૩૦૩૮/૬૬૯૫૬૬૯૯

લિ. સેક્રેટરી જનરલ<br>
જૈન જાગૃતિ સેન્ટર, સેન્ટ્રલ બોર્ડ

❀ જિંદગીમાં બે દિવસ એવા હોય છે જ્યારે આપણે કંઈ જ કરી શકતા નથી... એક ''ગઈકાલ'' અને બીજી ''આવતી કાલ''. એટલે પ્રેમથી જીવવા માટે આપણી પાસે માત્ર આજ જ છે.

# માતૃભાષા ખોઈશું તો...

## કુમારપાળ દેસાઈ

સાત કરોડની ગુજરાતી પ્રજા અને એની સામે ઊભેલી માતૃભાષાનું મહાસંકટ! ગુજરાતની જેટલી વસ્તી છે, એનાથી ઓછી વસ્તી ધરાવતા વિશ્વના ચાલીસ જેટલા દેશોએ પોતાની માતૃભાષા વિકસાવી છે. એ દેશો પોતાનું આંતરસત્વ છોડીને અંગ્રેજી ભાષાના કે અન્ય કોઈ પ્રવાહમાં વહી ગયા નથી. ૧૯૯૬માં નોર્વેની વસ્તી ૪૨ લાખ અને ૩૮ હજાર હતી. ઈઝરાયેલની ૫૬ લાખ અને ૨૯ હજાર હતી અને સ્વીડનની વસ્તી ઈ.સ. ૨૦૦૩માં ૮૯ લાખ ૯૮ હજારની હતી. આ બધા દેશોમાં માતૃભાષા ગૌરવભર્યા સ્થાને બિરાજે છે અને સર્વત્ર પ્રયોજાય છે. આને માટે કોઈ એક વર્ગ નહીં, સમગ્ર પ્રજા જાગૃત છે.

માંડ ૯૦ લાખની વસ્તી ધરાવતા સ્વીડનમાં એની માતૃભાષામાં ચર્ચા-વિચારણા કરતાં કેટલાં મંડળો છે, તે તમે જાણો છો? એના કોઈ નાનકડા ગામમાં જાઓ, તો પણ તમને માતૃભાષામાં ચર્ચા કરતાં ત્રણ-ચાર મંડળો મળી રહેશે. સમગ્ર સ્વીડનમાં કુલ ૨૭ હજાર ચર્ચામંડળો છે. આ મંડળોમાં વિવિધ વિષયો પર ચર્ચા ચાલતી હોય છે. આને પરિણામે માતૃભાષાને વધારે પ્રભાવક રીતે રજૂ કરવાનો સતત પ્રયાસ ચાલતો રહે છે. માત્ર વિદ્વાનોના ચર્ચામંડળોની વાત નથી. જુદા જુદા અનેક પ્રકારના ચર્ચામંડળો પોતાના વિષય પર ચર્ચાનું આયોજન કરતાં હોય છે. સામસામી દલીલો કરતા હોય, પોતાના તર્ક રજૂ કરતા હોય, વિરોધીઓની દલીલ પર 'હુમલો' કરતા હોય અને પછી એમાં ક્યાંક કવિતાની પંક્તિઓ આવતી હોય તો ક્યાંક એમની નુકતેચીનીમાં કોઈ સુવાક્ય ગૂંથી લેવામાં આવતું હોય. કવિ નર્મદના જમાનામાં 'મંડળી મળવાથી થતા લાભ'ની વાત થતી હતી. જુદી જુદી ચર્ચાસભાઓ યોજાતી હતી. આજે ગુજરાતી ભાષામાં કેટલાં ચર્ચામંડળો ચાલે છે? એથીય વધારે તો એક સમયે અમદાવાદમાં મહાદેવ દેસાઈ ટ્રોફીનો ભારે મહિમા હતો. કોલેજો પોતાના વિદ્યાર્થીઓને આને માટે ખૂબ પ્રોત્સાહિત કરતી હતી. આજે આખી પરિસ્થિતિ સાવ બદલાઈ ગઈ છે.

માતૃભાષાથી જેમ જેમ દૂર થતા જઈશું તેમ તેમ સર્જનાત્મકતા ઝાંખી પડતી જશે. આજના શિક્ષણવિદો વારંવાર કહે છે કે શિક્ષણનો વ્યાપ વધ્યો છે; પરંતુ સર્જકત્વ ઘટ્યું છે. વર્તમાન શિક્ષણ પદ્ધતિમાં આપણે વૈજ્ઞાનિક દ્રષ્ટિએ અને જુદી જુદી પદ્ધતિઓ દ્વારા વિચારતા થયા છીએ; પરંતુ અગાઉ જે સર્જનશીલતા પ્રગટતી હતી, એ હવે ધીરે ધીરે ઝાંખી થતી જાય છે તેનું કારણ શું? આ અંગે થયેલાં સંશોધનોમાંથી એ તારણ પ્રગટ થયું કે જે લોકો પોતાની માતૃભાષા છોડીને અન્ય ભાષા અપનાવે છે અને તેમાં વિશેષ કામગીરી કરે છે તેઓ વધારે અનુકરણાત્મક (ઈનોવેટીવ) બની જાય છે અને ઓછા સંશોધનાત્મક (ઈનોવેટીવ) રહે છે.

આને કારણે જે આજે ભાર વિનાના ભણતરની વાત થાય છે; પરંતુ શિક્ષણનો ભાર અને દફતરનું વજન વધતું જ જાય છે. શાળાશિક્ષણને બદલે ટ્યુશનની પ્રથા કૂદકે ને ભૂસકે વધી રહી છે. જ્ઞાન એ સાહજિક પ્રક્રિયા રહ્યું નથી. આજે દસ વર્ષના બાળકને પચીસ શિક્ષકો ભણાવતા હોય એવી પરિસ્થિતિ સર્જાઈ છે. વહેલી સવારના પાંચ વાગ્યાથી ટ્યુશન ક્લાસ શરૂ થાય છે અને મોડી રાત સુધી તે ચાલતા હોય છે. જેમ કે એક સમયે સારું શિક્ષણ આપતી શાળાઓમાં પ્રવેશ થતો હતો, એ જ રીતે આજે સારા પરિણામ લાવતા વિદ્યાર્થીઓ જે ટ્યુશન ક્લાસમાં ભણે છે, ત્યાં વધુ ધસારો રહે છે. આ ઘા પર મીઠું ભભરાવવાનું કામ સમૂહ માધ્યમોએ કર્યું. બે-અઢી વર્ષના બાળકને ડે-કેર સેન્ટરમાં દાખલ કરવામાં આવે છે. હવે તો એથી ય આગળ વધીને વેકેશન કેર સેન્ટર શરૂ થયા છે, જેમાં રવિવારની રજાના દિવસે પણ બાળકોને રાખવામાં આવે છે. આ રીતે શિક્ષણ અને સમૂહ માધ્યમોએ માતા-પિતા પાસે ઓછામાં ઓછો સમય બાળક રહે એવી સ્થિતિ સર્જી છે.

મહાત્મા ગાંધીજીએ પોતાની આત્મકથા 'સત્યના પ્રયોગો' માતૃભાષામાં લખી. ગાંધીજીનું અંગ્રેજી ભાષા પરનું પ્રભુત્વ ઘણું સારું હતું. એમણે લખેલ 'હિંદ સ્વરાજ'નું અંગ્રેજી એના ગુજરાતી કરતાં વધુ પ્રભાવક લાગે છે. 'ઈન્ડિયન ઓપિનિયન'માં પ્રગટ થયેલા લેખોમાં પણ અંગ્રેજી ભાષા પરનું મહાત્મા ગાંધીનું પ્રભુત્વ જોવા મળે છે. આવું હોવા છતાં એમણે માતૃભાષામાં આત્મકથા લખવાનું એ માટે નક્કી કર્યું કે, એમાં પોતાના હૃદયના ભાવ પ્રગટ કરવાનું સહજસિદ્ધ લાગ્યું. આ રીતે જો માતૃભાષા ભુલાતી જશે તો વ્યક્તિનું આંતરસત્વ અને એની ચેતનાનું પ્રાગટ્ય ઝાંખું પડશે. આલ્બર્ટ આઈન્સ્ટાઈને એના સાપેક્ષતાના સિદ્ધાંતની વાત જર્મન ભાષામાં જ લખી. એ જ રીતે એરિસ્ટોટલે અને કાર્લ માર્ક્સે પણ પોતાના વિચારો પોતાની માતૃભાષામાં પ્રગટ કર્યા. વિશ્વમાં પ્રબળ પરિવર્તન આણનાર વિચારો મુખ્યત્વે માતૃભાષામાં પ્રગટ થયા છે, આથી માતૃભાષા એ વ્યક્તિની સર્જનાત્મકતાનું સબળ અને પ્રભાવક વાહન છે.

માતૃભાષા એ પ્રત્યાયન (કોમ્યુનિકેશન)નું મહત્વનું સાધન

છે. આજે માતૃભાષાના અભાવને કારણે ઘણી દુઃખદ પરિસ્થિતિ ઊભી થઈ છે! અમેરિકાથી આવેલા પૌત્ર સાથે એના દાદાની વાતચીતમાં મોટું અંતર જોવા મળે છે. ઘણા યુવાનો પોતાના માતા-પિતાને અમેરિકામાં પોતાના સંતાનોને જાળવવા બોલાવે છે, ત્યારે જો માતૃભાષામાં વ્યવહાર થતો ન હોય તો એમની વચ્ચે મોટી ખાઈ સર્જાય છે અને ધીરે-ધીરે તો એવી દયામણી સ્થિતિ જોવા મળે છે કે ન પૂછો વાત. અમેરિકાના એક કાર્યક્રમમાં એક યુવતીએ મધુર કંઠે ગુજરાતી ગીત ગાયું, પરંતુ એને ગુજરાતી ભાષામાં વાંચતાં આવડતું ન હતું, એણે એની સ્ક્રીપ્ટ રોમન લિપિમાં લખી હતી.

માતૃભાષા જાય તો સર્જકતા ખોવાય, બે વ્યક્તિ વચ્ચેના સંવાદમાં વિસંવાદ બને અને એનાથીયે મોટું ભયસ્થાન તો મૂલ્યો અને સંસ્કૃતિનું છે. દરેક પ્રજા પોતાનાં મૂલ્યો પર જીવતી હોય છે અને એ રીતે એમની પરંપરા સાથે જોડાણ સાધતી હોય છે. આથી સૌથી વિકટ પ્રશ્ન એ મૂલ્યો અને સંસ્કૃતિનો વારસો પછીની પેઢીને આપવાનો હોય છે. શ્રીમદ્ ભગવદગીતાના કર્મયોગની વાત થાય, ત્યારે 'કર્મ' શબ્દનો અંગ્રેજી અનુવાદ અતિ મુશ્કેલ છે. એમાં પણ 'કર્મ' શબ્દની અંગ્રેજીમાં અર્થછાયાઓ પકડવી, એ તો એનાથી યે વધુ કપરા ચઢાણ જેવી. વળી હિંદુ કર્મવાદ અને જૈન કર્મવાદની ભિન્નતા બતાવવી હોય તો તે વળી મોટો સવાલ ઊભો કરે.

થોડાં વર્ષો પૂર્વે આચાર્ય ઉમાસ્વાતિજીએ ચોથી સદીમાં લખેલા 'તત્વાર્થ સૂત્ર' ગ્રંથના અંગ્રેજી અનુવાદનું કાર્ય ચાલતું હતું, ત્યારે જૈન પરિભાષાના 'સમ્યક દર્શન' શબ્દ માટે કલાકોના કલાકો સુધી ગડમથલ કરી હતી. બ્રિટનમાં શબ્દો ઘડી આપનારા 'વર્ડ સ્મિથ' હોય છે. વર્ડ સ્મિથ સાથે બેસીને જૈન દર્શનના સૌ અભ્યાસીઓએ લાંબી ચર્ચા કરી અને અંતે જે શબ્દ પસંદ કર્યો, પણ સાથે લખ્યું કે આ શબ્દ મૂળ શબ્દના ભાવને પૂરેપૂરો પ્રગટ કરતો નથી.

વળી બીજી ભાષામાં વિચાર કરવાની આપણે કોશિશ કરીએ છીએ, પણ એને પૂરેપૂરી અપનાવી શકતા નથી. એનું કારણ એ છે કે સર્જનાત્મકતા એ આંતરિક બાબત છે, સંવાદ એ બે વ્યક્તિ વચ્ચે સધાય છે અને કલ્ચરનો સંબંધ સમૂહ સાથે છે. આ રીતે બાહ્ય અને આંતરિક વ્યક્તિત્વની માવજતને માટે માતૃભાષાનો અભ્યાસ જરૂરી છે. બાળક સૌથી વધુ શિક્ષણ ઘરમાંથી લેતું હોય છે અને તેથી માતૃભાષા એને જીભવગી અને હૃદયવગી હોય છે. કુદરતે આપણને ગુજરાતી ભાષા આપી; પરંતુ એની આપણે કરેલી માવજત નબળી છે. સર્જકો, શિક્ષકો, ગ્રંથપાલો અને સમાજ હિતચિંતકો ગુજરાતી માતૃભાષા માટે કટિબદ્ધ બનીને આંદોલન કરે છે, પણ વિજ્ઞાનીઓ, અર્થશાસ્ત્રીઓ, મેનેજમેન્ટના નિષ્ણાંતો, ખેડૂતો, ઉદ્યોગપતિઓ અને શ્રમજીવીઓ એમાં ક્યાં છે? ગુજરાતના સમર્થ સારસ્વત શ્રી ઉમાશંકર જોશીની જન્મ શતાબ્દીએ કેમ જનહૃદયમાં માતૃભાષાના ગૌરવનો કોઈ ગુંજારવ ન થયો?

માણસ બહુભાષી છે અને તેથી એકવીસમી સદીના સમગ્ર પરિવેશ પર વિચાર કરીએ તો આજે વ્યક્તિને માટે ત્રણ પ્રકારની ક્ષમતા જરૂરી છે. એક સ્થાનિક (લોકલ સિચ્યુએશન), બીજી રાષ્ટ્રીય (નેશનલ), ત્રીજી વૈશ્વિક (ગ્લોબલ). આ ત્રણેય પરિસ્થિતિમાં સાવ જુદી જુદી ભાષા કામ લાગે છે. માતૃભાષા, રાષ્ટ્રભાષા અને વિદેશી ભાષાને આ દ્રષ્ટિએ જોઈ શકાય અને એ રીતે અંગ્રેજી ભાષાને પણ સારી રીતે શીખી શકાય. આપણી મુશ્કેલી તો એ થઈ કે ગુજરાતી અને અંગ્રેજી આવડ્યું નહીં!

## અભિનંદનના અધિકારી



સુરેન્દ્રનગર નિવાસી હાલ પારલા (વેસ્ટ) શ્રીમતી કોકીલાબેન તથા શ્રી મહેન્દ્રભાઈ રસીકલાલ કામદારની પૌત્રી ચિ. સેવાંશી કુણાલ કામદાર એ ઝળહળતી શૈક્ષણીક કારકીર્દી સાથે કોલકત્તાની નેશનલ લો યુનિવર્સીટી ફોર જ્યુરીસડીક્શન સાયન્સના પાંચ વર્ષના કોર્સ માટે એડમીશન લીધેલ છે. સેવાંશી બેને દશમા, બારમા ધોરણની બોર્ડ પરીક્ષા ઉચ્ચ ગુણાંક સાથે પાસ કરેલ નેશનલ લેવલ ગુજરાતીમાં પણ પ્રથમ ક્રમાંક મેળવ્યો. રીજનલ લેવલ નેશનલ ફાઈનાન્સ ઓલમ્પીઆડમાં મુંબઈની તમામ સ્કૂલોમાં પ્રથમ નંબર મેળવેલ અને ઈકોનોમીક ઓલીમ્પીઆડમાં બીજા ક્રમાંકે આવેલ. ચિ. સેવાંશીબેનની સફળતા પાછળ તેમના મમ્મી અમીષાબેનનો પણ મોટો સહકાર રહેલ છે.

આવી ઉજ્વળ શૈક્ષણીક કારકીર્દી ધરાવતા સુવાંશીબેને આદિત્ય બિરલા સ્કોલરશીપ માટે પણ પસંદગી પામેલ છે. ચિ. સુવાંશીબેનને અમારા અંતરના અભિનંદન અને જીવનમાં દરેક ક્ષેત્રે આવી ઝળહળતી સફળતા મેળવતા રહે તેવી શુભકામનાઓ.

# વૃક્ષો વાવવાં એટલે વિચારો વાવવા

''સાંભળી રહેલા સ્વર્ગ સાથે વાતો કરવાનો પૃથ્વીનો અનંત પ્રયત્ન એટલે વૃક્ષો''

- રવિન્દ્રનાથ ટાગોર

કર્ણાટકના રામનગર જિલ્લાના હુલિકલ ગામમાં જન્મેલા થિમ્મક્કાના નસીબમાં શિક્ષણ લખ્યું જ ન હતું. કિશોરાવસ્થામાં તેમના લગ્ન ચિક્કૈયા નામના ગામના જ યુવાન સાથે થયા. પિતાના ઘરની આર્થિક સ્થિતિ પણ સાધારણ હતી અને પતિના ઘરમાં પણ બધા જ સભ્યો મજૂરી કરે ત્યારે માંડ બે છેડા ભેગા થતા હતા. પતિની ગંભીર આર્થિક સ્થિતિમાં મદદરૂપ થવા માટે થિમ્મક્કાએ પણ પતિની સાથે પથ્થરની ખાણમાં મજૂરી શરૂ કરી અને એ સાથે શરૂ થયો જીવનભર ચાલનારો સંઘર્ષ. ૨૫ વર્ષના લગ્નજીવન પછી પણ દંપતિના નસીબમાં સંતાનનો યોગ ન થયો. ૮૦ના દશકમાં એક દિવસે ચિક્કૈયા અને થિમ્મક્કા ભરબપોરે આકરા તાપમાં મગડી તાલુકાથી પોતાના ગામ હુલિકલ ચાલીને જતા હતા. હુલિકલથી ચારેક કિલોમીટર દૂર પહોંચ્યા પછી થાક અને તાપથી ત્રસ્ત દંપતિએ ક્યાંક વિસામો શોધવા પ્રયાસો કર્યા. તેમણે વૃક્ષનો છાંયડો શોધવાની કોશીષ કરી, પણ આખા રસ્તા પર એકેય વૃક્ષ ન મળ્યું. આટલા વર્ષોમાં તેમને પેહલી વખત એવો અહેસાસ થયો કે ચાર-પાંચ કિલોમીટર લાંબા રસ્તા પર એક પણ વૃક્ષ નથી. રાહદારીઓને વિસામો મળે એ માટે તેમણે આઠ-દસ વૃક્ષો ઉછેરવાનું નક્કી કર્યું. બીજા જ દિવસે ચિક્કૈયાએ વડના દસ રોપા મેળવ્યા અને બંનેએ એ રોપાને રસ્તાને કાંઠે વાવી દીધા.

બીજા દિવસથી એ દંપતિએ રોપાની સંભાળ લેવાનું પણ શરૂ કર્યું. દરરોજ પતિ-પત્ની ચાર માટલા લઈને ચાર-પાંચ કિલોમીટર દૂરદૂરથી રોપાને પાણી પીવડાવવા નીકળી પડે. રોપા વાવવાની શરૂઆતમાં ઘણા લોકો દંપતિની મશ્કરી કરીને કહેતા કે, વૃક્ષારોપણ તો સરકારી કામ છે, તમે નાહકની મહેનત કરો છો! આવી વાત સાંભળીને થિમ્મક્કા જવાબ આપતા કે અમારે સંતાનો નથી એટલે આ વૃક્ષો ખરેખર જ તેમના સંતાનો જેવા હતાં. ટીકા કે સલાહની પરવા કર્યા વગર બંને જણાએ એક દશકમાં ૧૫૦ જેટલા વડનાં વૃક્ષોની આખા રસ્તા પર હરીયાળી સર્જી દીધી. ૧૯૯૧માં થિમ્મક્કાના પતિ ચિક્કૈયાનું નિધન થયું. પતિના મૃત્યુ પછી ૭૮ વર્ષિય થિમ્મક્કાએ થાક્યા વગર કામ ચાલ્યુ રાખ્યું. તેમણે ૧૫૦ વૃક્ષોની સંખ્યા પછીના દોઢ દાયકામાં વધારીને ૪૦૦ સુધી પહોંચાડી દીધી.

પોતાના વિસ્તાર માટે આવું મૂલ્યવાન કામ કરનારા ૧૦૦ વર્ષિય થિમ્મક્કાને ભારત સરકારે ૨૦૧૯માં પદ્મશ્રીનો ખિતાબ આપીને સન્માનિત કર્યા છે. જે રસ્તા ઉપર એક સમયે એક પણ વૃક્ષ શોધ્યું જડતું ન હતું એ રસ્તા ઉપર આજે ૪૦૦થી અધિક વડનાં વૃક્ષો જાણે થિમ્મક્કાનું સન્માન કરતા હોય એમ બાઅદબ ઉભા છે! થિમક્કા દઢતાપૂર્વક માને છે કે દરેક માણસે પોતાની પાછળ માનવતાની પૂંજી મૂકીને જવું જોઈએ. આટલો અસરકારક સંદેશો પોતાના વર્તનથી આપી શકતા આ અભણ ગ્રામિણ મહિલાએ પર્યાવરણ બચાવવાનું એકેય વ્યાખ્યાન સાંભળવાની જરૂર છે ખરી?

*કચ્છી પત્રિકામાંથી*

*- ધનસુખ અમરશી મોરબીઆ*


---

## જીવન એવું જીવો


સ્નેહનો સરવાળો કરજો,
ભૂલ ચુકની બાદબાકી કરજો,
વેર ઝેરનો ભાગાકાર કરજો,
સહકારનો ગુણાકાર કરજો
પ્રેમ અને લાગણીનું ક્ષેત્રફળ કાઢજો.

## સોચ

જીવનમાં એવી રાખો સોચ,
કદી ન આવે મોચ




- ✶ ૧ ના થાય ૧૦૦ તેમ છતાં, ખેડૂતો આત્મહત્યા શા માટે કરે છે ?
- ✶ લોકોને ખાવા-પીવા નથી તો પછી, પશુધન કેવીરીતે બચાવિશું ?
- ✶ અંગ્રેજોએ કઇ યોજના બનાવી જેથી, દેશ બરબાદ થયો અને હજુ પણ થઈ રહ્યો છે ? પશુ ધન છે તો પછી કસાઈવાડે શા માટે છે ?
- ✶ ખેડ, રાસાયણિક ખાતર, ઝેરી પાકરક્ષણની દવા અને ઘાસ કાઢ્યા વગર ખેતી થાય ? શું એનાથી પ્રકૃતીની રક્ષા થાય ?
- ✶ સબસીડીમાં અપાતાં પૈસા બચાવી, ફક્ત પાણીથી, અહિંસક સજીવ ખેતી કરીને, શું ભારત ખેતી-પ્રધાન દેશ થઇ શકે ?
- ✶ વિલાયતી કે અન્ય દવા વગર, નિરોગી જીવન કઇ રીતે મળે ?
- ✶ ૧૯૬૦ થી પ્રત્યક્ષ કામ કરીને અમે બધાજ જવાબો મેળવી લીધા છે અને પર્યાવરણણની રક્ષા થાય છે એના વૈજ્ઞાનિક ઠોસ પૂરાવા છે જે જોઇને દેશ-વિદેશના અનેક એવોર્ડો પણ અમને મળ્યા છે.
- ✶ **'નિરોગી જીવન અને સમૃધ્ધિનો માર્ગ'** ભાગ-૨, પુસ્તકમાં દરેક પ્રશ્નોના જવાબ વાંચવા મળશે. **(રૂપિયા ૫૦૦/-)**




- ✶ પેટ સાફ કરવાની દવાઓથી આયુષ્ય ઘટે છે, વિલાયતી દવાથી રોગો વધે છે અને ફક્ત ૧૨ દવાથી ગમે તે અસાધ્ય રોગો મટે છે.
- ✶ મેં મારા ૪૦ વર્ષના અનુભવથી પથરી, દમ, વા, ડાયાબિટીસ, કેન્સર જેવા અનેક રોગો ૧૫ દિવસમાં રાહત અપાવી ને સંપૂર્ણ માટાડ્યા છે. શું તમને તમારા રોગો મટાડવા છે ?
- ✶ **'બાર દવાનો ચમત્કાર'** આ પુસ્તક રાશીચક્ર અને કુદરતી ઉપચાર પધ્ધતી ઉપર આધારિત છે. આ દવાની શરીર ઉપર કોઇજ આડઅસર નથી અને એટલે જ ડોક્ટરની ચિઠ્ઠી વગર બજારમાં દવાઓ મળે છે. દવા માટેનું વાંચન કરીને કોઇપણ રોગમાંથી છૂટકારો મેળવી શકાય છે.
- ✶ **'માનવ સેવા એ પ્રભુ સેવા છે'** માટે લોકોને દવા માટેનું સાચું જ્ઞાન આપવા આ પુસ્તક સ્વજનો તથા મિત્રોને ભેટમાં આપવા નમ્ર વિનંતી છે. **(રૂપિયા ૫૦૦/-)**

પ્રકાશક : **કિંગ્સ સિક્યુરિટી પ્રિન્ટર્સ પ્રા. લિ.**
૨૩ A, સેન્ટ્રલ ચોપાટી બિલ્ડીંગ, ગિરગામ ચોપાટીની સામે,
મુંબઇ - 400 007. ફોન - 022 23815184
Email : sbkkppl@gmail.com Webdite : www.savesanghavi.com

**બેંકની માહિતી-RTGS માટે**
Kings Security Printers Pvt. Ltd.
United Bank of India, Current Account No. - 112805000751
Branch : K.M. Munshi Marg, Chowpatty, Mumbai - 400 007.
IFSC Code No. UTBI0KMM639

ADVT

**જય જીનેન્દ્ર - 'રાજા ઋષભ (દેવ)'** ની જૈન સિધ્ધાંત દ્વારા થતી સજીવ ખેતીનું જ્ઞાન આપનાર વિશ્વમાં એકપણ વિદ્યાપીઠ કે કોલેજ નથી, જો સમાજ સાથ આપે તો બાળકોના ઉજ્જવળ ભવિષ્ય અને પર્યાવરણની રક્ષા કરવા જૈનોની પ્રથમ મહાવિદ્યાલય સ્થાપના કરવાની ઇચ્છા છે, જ્યાં લોકોને **'ભ ગ વા ન'** ના સાચા દર્શન થશે. ભાઇઓ **'ખાલી હાથે આવ્યા છીએ અને ખાલી હાથે જવાનું છે'** માટે સમાજ માટે કંઇ કરીને જવું જોઇએ. આ કાર્યને સાકાર કરવા માટે, સજીવ ખેતી કેવી રીતે કરવી ? વગર ખર્ચે પશુધન કેવી રીતે બચાવવું ? આ માહિતીઓ લોકોને સાબિતી સાથે સમજાવવા અને દેખાડીને શિક્ષણ આપવા અમારા ફાર્મ નો ઉપયોગ કરી શકાય. અશોક સંઘવી - Mob. : +91 9821169907 (JJC -Pedder Road)

## ''દીકરી!... એટલે''

દીકરી એટલે... આત્મજા
દીકરી એટલે... વહાલનો દરિયો
દીકરી એટલે... કાળજાનો કટકો
દીકરી એટલે... સમજણનું સરોવર
દીકરી એટલે... ઘરનો ઊજાશ
દીકરી એટલે... ઘરનો આનંદ
દીકરી એટલે... સ્નેહની પ્રતિમા
દીકરી એટલે... ઘરની 'જાન'
દીકરી એટલે... સવાઈ દીકરો
દીકરી એટલે... પારકી થાપણ
દીકરી એટલે... બાપનું હૈયું
દીકરી એટલે... તુલસીનો ક્યારો
દીકરી એટલે... માનો પર્યાય
દીકરી એટલે... પ્રેમનું પારણું
દીકરી એટલે... હેતનો હિંડોળો
દીકરી એટલે... હેતભર્યો ટહુકાર
દીકરી એટલે... ઝાડનો છાંયો
દીકરી એટલે... ભોળું પારેવડું
દીકરી એટલે... પ્રજ્વલિત દીપમાળ
દીકરી એટલે... ઊછળતો ઉલ્લાસ
દીકરી એટલે... કોયલનો ટહુકાર
દીકરી એટલે... આનંદની કિલકારી
દીકરી એટલે... વહાલપની વર્ષા
દીકરી એટલે... શ્રદ્ધાનો સથવારો
દીકરી એટલે... વિશ્વાસનું વહાણ
દીકરી એટલે... ફૂલનો ક્યારો
દીકરી એટલે... ફૂલદાનનું ફળ
દીકરી એટલે... ફૂલદાની ફોરમ
દીકરી એટલે... સૃષ્ટિનો શણગાર
દીકરી એટલે... ધરતીનો ધબકાર
દીકરી એટલે... અવનીનો અલંકાર
દીકરી એટલે... પૃથ્વીનું પાનેતર
દીકરી એટલે... બાપનાં આંસુ
દીકરી એટલે... હરખની હેલી

*સંકલન : રમેશ કોઠારી*

## जानिए राहु को... कहाँ और क्यो होता है प्रभावी राहु

१) अगर आपको कहीं पर भी थूकने की आदत है तो यह निश्चित है कि आपको यश, सम्मान अगर मुश्किल से मिल भी जाता है तो कभी टिकेगा ही नहीं. सही स्थान में ही यह काम कर आया करें! (२) जिन लोगों को अपनी जूठी थाली या बर्तन वहीं उसी जगह पर छोडने की आदत होती हैं उनको सफलता कभी भी स्थायी रुप से नहीं मिलती! बहुत मेहनत करनी पडती है और एसे लोग अच्छा नाम नही कमा पाते! अगर आप अपने जूठे बर्तनों को उठाकर उनकी सही जगह पर रख आते हैं तो चन्द्रमा और शनि का आप सम्मान करते है! (३) जब भी हमारे घर पर कोई भी बाहर से आये, चाहे मेहमान हो या कोई काम करनेवाला, उसे स्वच्छ पानी जरुर पिलाएं! ऐसा करने से हम राहू का सम्मान करते हैं! जो लोग बाहर से आने वाले लोगों को स्वच्छ पानी हंमेशा पिलाते हैं उनके घर में कभी भी राहू का दुष्प्रभाव नहीं पडता! (४) घर के पौधे आपके अपने परिवार के सदस्यों जैसे ही होते हैं, उन्हे भी प्यार और थोडी देखभाल की जरुरत होती है! जिस घर में सुबह-शाम पौधों को पानी दिया जाता है तो हम बुध, सूर्य और चन्द्रमा का सम्मान करते हुए परेशानियों से डटकर लड पाते हैं! जो लोग नियमित रुप से पौधों को पानी देते हैं!, उन लोगों को तनाव, डिप्रेसन, एलर्जी, उत्साहहीनता जैसी परेशानियाँ जलदी से नहीं पकड पाती! (५) जो लोग बाहर से आकर अपने चप्पल, जूते, मोजे ईधर उधर फेंक देते हैं, उन्हें उनके शत्रु बडा परेशान करते हैं! इससे बचने के लिए अपने चप्पल-जूते करीने से लगाकर रखें, आपकी प्रतिष्ठा बनी रहेगी। (६) उन लोगों का राहु और शनि खराब होगा, जो लोग जब भी अपना बिस्तर छोडेंगे तो उनका बिस्तर हमेशा फैला हुआ होगा, सिलवटे ज्यादा होंगी, चादर कहीं, तकिया कहीं, कम्बल कहीं? उसपर ऐसे लोग अपने पुराने पहने हुए कपडे तक फैला कर रखते हैं! ऐसे लोगों की पूरी दिनचर्या कभी भी व्यवस्थित नहीं रहती, जिसकी वजह से वे खुद भी परेशान रहते हैं और दूसरों को भी परेशान करते हैं! इससे बचने के लिए उठते ही स्वयं अपना बिस्तर समेट दें! ७) पैरों की सफाई पर हम लोगों को हर वक्त खास ध्यान देना चाहिए, जो कि हम में से बहुत सारे लोग भूल जाते है! नहाते समय अपने पैरों को अच्छी तरह से धोयें, कभी भी बाहर से आयें तो पांच मिनिट रुक कर मुँह और पैर धोयें! आप खुद यह पाएंगे कि आपका चिडचिडापन कम होगा, दिमाग की शक्ति बढेगी और क्रोध धीरे-धीरे कम होने लगेगा! (८) रोज खाली हाथ घर लौटने पर धीरे-धीरे उस घर से लक्ष्मी चली जाती है और उस घर के सदस्यों में नकारात्मक या निराश के भाव आने लगते हैं! इसके विपरित घर लौटते समय कुछ न कुछ वस्तु लेकर आएं तो उससे घर में बरकत बनी रहती है! उस घर में लक्ष्मी का वास होता। जाता है! हर रोज घर में कुछ न कुछ लेकर आना वृद्धि का सूचक माना गया है! ऐसे घर में सुख, समृद्धि और धन हमेशा बढता जाता है और घर में रहनेवाले सदस्यों की भी तरक्की होती है।

*- प. पू. संत पारसमुनि*

# जीवन में आचरण को बदलो।
## महापुरुषो की वाणी से

■ अनोखीलाल धोका (जैन) जेजेसी-अंकलेश्वर

एक व्यक्ति गंगा में डुबकी लगा रहा था, उसने सोचा यह गंगा माँ कैसी है, यहाँ डुबकी लगा कर लोग पवित्र हो जाते है। गंगा में लोगों के सारा पाप धुल जाते है, वह चंचल मन से, गंगा माँ को पूछता है, माँ दुनिया के लोग तुझमें डुबकी लगाते है, सारे पाप तुम्हारे पास छोड जाते है, और तुम तम्हारे यहाँ पाप छोडने वालों को पवित्र बना देती है। गंगा माँ कहती है - तभी तो लोग मुझे माँ कहते है, और मैं लोगो के कर्मो से, पापों से, कहाँ भारी होती हूँ। मै सारा पाप समुद्र में डाल देती हूँ। अब वह व्यक्ति समुद्र के पास पहुँचता है, और पूछता है - नदियाँ सारा पाप लेकर तुम्हारे पास छोड जाती है, तुम्हे पाप से भार नही लगता? समुन्द्र कहने लगा - मै पाप को कहाँ अपने पास रखता हूँ। मैं सारे पाप बादल को दे देता हूँ। अब वह व्यक्ति बादल के पास जाता है, और बादल से पूछने लगा, समुद्र अपने पास इकटठा किया हुआ पाप, आप को दे देता है, क्या आपको पाप भार रुप नहीं लगता है। बादल कहने लगा - मै पाप को अपने पास नहीं रखता हूँ, मै तो जीसका पाप होता है, उसके घर पर बरसा देता हूँ। मुझे लोगों के पाप भार रुप नहीं लगते, और पाप भी जीसका होता है, उसके पास पहुंच जाता है।

कर्म किसी को छोडता नहीं है। गंगा में डुबकी लगाने से, या चार घाम यात्रा करने से, कर्म क्षय नहीं होंगे। अपितु हमारे कर्म हमें ही भोगने पडेंगे। ब्राह्मणों के पास जाप करवाने से, हमारे कर्म क्षय नहीं होंगे। हमें अपने आचरण को बदलना होगा, तभी हमारा जीवन, कर्मो से हलका हो सकता है। जीवन में हमे, आचरण की श्रेष्ठता को लाना है। मनुष्य जैसा बुद्धिमान एवं समझदार प्राणी, इस दुनिया में कोई नहीं है, हमे सोच बदलना है, और सोच के साथ समझ भी बदलना है, इन दोनों के साथ आचरण भी बदलना होगा। आचरण की श्रेष्ठता हमें, उच्च गति प्रदान करेगी, सच्ची समझ और श्रेष्ठ आचरण से, हमारे पुराने पाप कर्म, अवश्य कम होंगे, और नये कर्मो का बन्ध रुक जायेगा।

श्रेष्ठ आचरण के लिये हमें, गुरु के सानिध्य में जाना पडेगा, उनकी वाणी को समझना पडेगा, वाणी को जीवन में उतारना होगा, अपने आचरण को बदलना होगा। गुरु की वाणी सुनने और समझने से ही, आत्मा का कल्याण संभव है, और इस वाणी को सुनने-समझने की, हमारी तैयारी नहीं है, अभी अभी भारत वर्ष में प्रधान मन्त्री माननीय नरेन्द्र मोदी जी ने, नोट बन्दी लागु करी, यहाँ हम नियम में कानून के दायरे में आ जाते है, लेकिन गुरु ने कुछ मर्यादा करा दी, तो हम उँचे नीचे हो जाते है, बहाने करने लगते है, मोदी जी ने बैंक से, अपने रुपये उठाने की मर्यादा करी, २४००० से ज्यादा एक सप्ताह में बैंक से नहीं मिलेंगे, या ए.टी.एम से २५००/- रुपये से ज्यादा एक दिन में नहीं निकल सकते। बस उनकी घोषणा के साथ ही, हम बिना रुपये वाले हो गये, कुछ नहीं कर सकते। किन्तु गुरु अगर धर्म आराधना की बात करते है, तो हमें धर्म की बात अच्छी नहीं लगती, हम उसे आचरण मे नही लाते, गुरु के कहने से, अगर अपना आचरण बदल गया, हम धर्म आराधना में जुड गये, तो हम पर नोट बन्दी का विशेष असर नहीं दिखेगा। संसार में रह कर, हमारे जीवन पर, नोट बन्दी का असर हुआ, किन्तु धर्म करणी से ऐसा नही होता है, गुरु के कहने से, एवं उनकी बातों के आचरण में लाने से, हम पर संसार की क्रियाओ का कोई प्रभाव नहीं दिखेगा, हम भिखारी नहीं बनेगे। धर्म अवश्य ही हमारा कल्याण कराने वाला है।

जीवन में हम धार्मिक क्रिया करने वाले व्यक्ति को देख कर, उस पर अहो भाव लाकर, हमारे आचरण को बदल सकते है। एक गाँव में एक सेठ रहते थे, उनका एक नोकर था, वह नोकर उनके साथ ही रहता था। सेठ सुबह उठकर दैनिक क्रिया कर, सामायिक करते, प्रतिक्रमण करते, प्रार्थना करते, सेठ की धार्मिक क्रियाओं से नोकर बहुत प्रभावित था। वह हंमेशा विचार करता था, मैं अनपढ गँवार हूँ, मुझे कोई धर्म क्रिया करना आती नहीं है, और मेरे सेठ कितने ज्ञानी है। कितनी धर्म आराधना करते है, भगवान! मुझे कुछ आता नहीं है, मैं धर्म को कुछ भी समझ नहीं पाया हूँ, पर मेरे सेठ जो धर्म क्रिया करते है, वह श्रेष्ठ है, मै ऐसी क्रिया को ही मानता हूँ, ''आणु ताणु कुछ नहीं जाणू, सेठ वचन प्रमाणु''।

एक बार नौकर बीमार हुआ, वह बीमारी में भी भगवान

से यही प्रार्थना करता, और कहता - आणु ताणु कुछ नहीं जाणू, सेठ वचन प्रमाणु, हे भगवान! मै अज्ञानी हूँ, बस सेठ की आराधना मेरी आराधना हो, मैं उस धार्मिक क्रिया का अनुसरण करता हूँ। मेरा कल्याण हो, मेरी प्रार्थना आप तक पहुँचे।

नोकर का आचरण श्रेष्ठ, एवं उसका मन बहुत निर्मल था, वह बहुत बीमार था, किन्तु उसके अच्छे आचरण ने, उसको बुरे विचार से दूर रखा, अच्छे आचरण के कारण मृत्यु के बाद, उसे सद्‌गति मिली, देवलोक में पहुँच गया, वह ज्ञानी नही था, प्रार्थना भी ठीक से नहीं कर पाता था, किन्तु आचरण की श्रेष्ठता ने, उसके जीवन को श्रेष्ठ बनाया, सद्‌गति में पहुँच गया, मन के भोले पन की वजह से, वह कर्म बन्ध से दूर रहा! जीवन में हमें भी भोला बनना है, बच्चे जैसा बनना है, अपना आचरण अच्छा रखना है, तभी हमारे जीवन में, सद-विचारो को प्रवाह बढेगा। हम अशुभ कर्मो को रोक कर, पुराने कर्म क्षय करने की समझ के साथ आगे बढेंगे, तभी हमारा मानव भव सार्थक होगा, कर्म क्षय का कार्य, आने वाले भवों में भी, समझ के साथ बढता चला जायेगा।

भगवान महावीर का आचरण श्रेष्ठ था, वो तो तीर्थंकर की आत्मा छी, किन्तु श्रेष्ठ आचरण श्रेष्ठ विचारों में गाँधी जी भी पीछे नहीं थे, वे हर बात का प्रयोग पहले अपने पर करते, बाद में उसकी शिक्षा दुसरों को देते। आज हम डाक्टर एवं वकील पर भरोसा करते है, यार दोस्तों पर भरोसा करते है, किन्तु हमें भगवान महावीर की वाणी पर भरोसा नहीं है। अपने गुरु पर भरोसा नहीं है, इनके आचरण अच्छे है, हमें अच्छे आचरण वालें लोगों के समीप रहना है। अपने जीवन में सुधार लाना है, हर व्यक्ति दृढ संकल्प कर ले, मुझे अपने आचरण में परिवर्तन लाना है, श्रेष्ठ बनना है, जीवन को श्रेष्ठतम बनाना है। हमें अपने जीवन में न्यूनतम लेना, अधिकतम देना, और श्रेष्ठतम जीना, वाले फार्मुले को अपनाना है, और आत्मा लक्ष्मी कार्य कर, सद्‌गति को प्राप्त करना है, जीवन को महकाना है, औरों को प्रसन्न कर, हमें प्रसन्न रहना है।

**कभी कभी खुद से बात करों, कभी कभी खुद से बोलो,**
**अपनी नजर में क्या है, ये दिल की तराजु पर तोलो।।**
**भगवान बनने का अरमान रखने वालों! पहले बनो इन्सान,**
**क्योंकि इन्सान के द्वार पर स्वयं आते है भगवान।।**


## BIO-DATA



**Name** : **Aneri Nitinbhai Shah**
**Date of Birth** : 26th November 1993
**Birth Time** : 4.50 P.M.
**Birth Place** : Bardoli
**Mobile** : 9724395721
**Email** : anerishah88@gmail.com
**From** : Bardoli, Gujrat
**Height** : 5 '4" **Religion :** Jain Shwetambar
**Education** : Master of Physiotherapy (MPT) from CHARUSAT, Changa, Anand, Gujarat.
Bachelor of Physiotherapy (BPT) from Shree Swaminarayan Physiotherapy College, Kadodara, Surat.
**Occupation** :
Physiotherapist at Devnayan Physiotherapy Clinic, Bardoli.

**Family Details:**
**Father** : Nitin Hiralal Shah
**Occupation** : Retail Business
**Contact No.** : 9664832031, 9825650440
**Mother** : Pratiksha Shah
**Occupation** : Housewife
**Elder Sister** : Dishita Bhavin Kapadia

**Preference only Murtipoojak**

ADVT

# લગ્નઇચ્છુક યુવક-યુવતીઓની યાદી

## યુવક

| નં | નામ, જ.તા., ઊંચાઇ, અભ્યાસ, વ્યવસાય | જ્ઞાતિ-મૂળ વતન-હાલ | સંપર્ક |
|---|---|---|---|
| ૧) | પ્રણવભાઇ નરેશભાઇ શાહ, ૧૧-૪-૧૯૭૯, ૫-૭' Bcom - સર્વિસ | દેરાવાસી શ્વે. મૂ.વિ.ઓ.જૈન પાલનપુર-બોરીવલી | (મો) ૯૩૨૦૮૭૪૯૧૧ (મો) ૮૨૯૧૩૮૩૮૭૮ |
| ૨) | કુનાલ નરેશ શાહ, ૧૯-૪-૧૯૯૧, ૫-૧૧' B.Com., LLB., C.S. | જૈન દેરાવાસી પોરબંદર - મુંબઇ | (મો) ૯૪૨૮૭૦૩૪૭૦ (મો) - |
| ૩) | આકાશ રમેશચંદ્ર શાહ, ૧૫-૩-૧૯૭૫, ૫'-૮'' BEIT.,Engg. - સર્વિસ (છુટાછેડા) | દેરાવાસી જૈન ગુજરાત- સી.એ., યુ.એસ.એ. | (ઘર) ૯૩૭૫૭૧૫૩૨૯ (મો) - |
| ૪) | વિશાલ હસુભાઇ શાહ, ૨૧-૯-૧૯૭૮ ૫'-૮'' B.Com.,- બિઝનેસ | દેરાવાસી જૈન લાઠીદળ - બોરીવલી | (ઘર) - (મો) ૭૫૦૬૬૩૯૯૩૭ |
| ૫) | રાજન મહેતા, ૭-૪-૧૯૮૫ ૫'-૧૦'' H.S.C. with diploma gra. design - બિઝનેસ (છુટાછેડા) | દશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન વરાદિયા - ગુજરાત - ઘાટકોપર | (ઘર) ૦૨૨૨૧૦૨૩૭૭૪ (મો) ૯૮૨૧૪૪૨૮૫૦ |

## યુવતી

| નં | નામ, જ.તા., ઊંચાઇ, અભ્યાસ, વ્યવસાય | જ્ઞાતિ-મૂળ વતન-હાલ | સંપર્ક |
|---|---|---|---|
| ૧) | ઝંખના ગિરીશભાઇ શાહ, ૨-૧૨-૧૯૮૪, ૫'- ૩'' B.Com, C.A. | દશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન માંગરોળ - મુલુંડ | (ઘર) ૦૨૨૨૧૬૪૩૯૫૪ (મો) ૯૮૬૯૪૮૩૯૫૪ |
| ૨) | ધ્વનિ ભરત શાહ, ૧૪-૫-૧૯૯૦, ૫'-૭'' M.Com, Business (નોંધ: લગ્ન મુંબઇમાં જ કરવા છે) | શ્રી કઠોર જૈન વિશાશ્રીમાળી જ્ઞાતિ કઠોર (સુરત) - ઘાટકોપર (ઇ) | (ઘર) ૨૧૦૨૨૮૧૨ (મો) ૯૮૬૯૩૧૭૬૨૩ |
| ૩) | જીનલ તુષારકુમાર શાહ, ૭-૧૦-૧૯૯૨, ૫'-'' B.Com. | સત્તાવીસ દશા પોરવાડ જૈન શેરીસા - મુંબઇ | (ઘર) ૨૩૮૮૬૧૧૪ (મો) ૯૮૩૩૫૫૧૦૨૩ |
| ૪) | શિલ્પા કનુભાઇ વોરા, ૧૨-૪-૧૯૬૯, ૪'-૧૧'' B.Com. (છુટાછેડા) | વિશાશ્રીમાળી દેરાવાસી જૈન જામનગર - કાંદિવલી | (ઘર) - (મો) ૯૯૮૭૩૭૫૮૩૧ |
| ૫) | મેઘા પરેશ શાહ, ૧૯-૧૦-૮૭, ૫'-૭'' B.Com. MBA (Finance) (મંગળ છે) | દશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન માંગરોળ - મુલુંડ | (ઘર) ૨૧૬૪૧૨૯૫ (મો) ૯૮૨૧૦૪૧૫૨૦ |
| ૬) | દિપાલી બિપીનચંદ્ર ઝવેરી, ૨૬-૪-૭૬, ૫ -૨' S.S.C. (મંગળ-શનિ હળવો છે) | શ્રી સુરત વિશા ઓસવાલ જૈન દેરાવાસી સુરત - અંધેરી (ઇ) | (ઘર) - (મો) ૯૭૬૯૦૫૮૭૧૫ |

## એકલાપણું અને એકાંત

એકલાપણું આ સંસારની સૌથી મોટી સજા છે અને એકાંત સૌથી મોટું વરદાન. આ બે સમાનાર્થી લાગતા શબ્દોમાં ખરેખર તો આસમાન-જમીનનો ફરક છે. એકલાપણામાં છટપટાહટ છે તો એકાંતમાં છે આરામ. એકલાપણામાં ઘબરાહટ છે તો એકાંત છે શાંતિ. જ્યાં સુધી તમારી નજર બહારની તરફ છે ત્યાં સુધી તમે એકલાપણું મહેસૂસ કરો છો. જેવી દૃષ્ટિ અંદરની તરફ વળી તો એકાંતનો અનુભવ થવા માંડે છે. આ જીવન વસ્તુતઃ બીજું કશું નથી, પરન્તુ એકલાપણાથી એકાંત તરફની યાત્રા છે. જેમાં રસ્તો પણ આપણે છીએ અને મંજિલ પણ આપણે પોતે છીએ.

*- ઓશો રજનીશ*

❁ દોસ્તનો બહુ જ સરસ અર્થ... આપણા દોષને જે અસ્ત કરી દે એ જ સાચો દોસ્ત.

❁ 'સપનાં' ભલે તોડજો, પણ 'સંપ' કદી ના તોડતા.

❁ બધા કહેતા હોય છે કે, સાહેબ, કામ હોય તો યાદ કરજો, પણ ખરેખર જ્યારે કામ પડ્યું ત્યારે બધા કામમાં હતા.

# AWARDS FUNCTION



ટ્રોફી સ્વીકારતા શ્રી પંકજ કકડ હસ્તે
શ્રી જિતેન્દ્ર કોઠારી તથા શ્રી સંજય શાહ



ટ્રોફી સ્વીકારતા શ્રી ઇકબાલ કુરેશી હસ્તે
શ્રી જિતેન્દ્ર કોઠારી તથા શ્રી સંજય શાહ



ટ્રોફી સ્વીકારતા શ્રી મહેન્દ્ર શાહ હસ્તે
શ્રી રમેશ મોરબીયા, શ્રી પ્રફુલ કામદાર



ટ્રોફી સ્વીકારતા શ્રી જયેશ આશર હસ્તે
શ્રી રમેશ મોરબીયા, શ્રી પ્રફુલ કામદાર



ટ્રોફી સ્વીકારતા શ્રી ગુરુદીપસિંગ મહેંદી હસ્તે
શ્રી જિતેન્દ્ર કોઠારી, સંજય શાહ



ટ્રોફી સ્વીકારતા શ્રી પ્રશાંત રાવ હસ્તે
શ્રી જિતેન્દ્ર કોઠારી, સંજય શાહ



ટ્રોફી સ્વીકારતા શ્રી નરશીમા હસ્તે
શ્રી જિતેન્દ્ર કોઠારી, સંજય શાહ



ટ્રોફી સ્વીકારતા બાળ કલાકાર અર્હન હસ્તે
શ્રી જિતેન્દ્ર કોઠારી, સંજય શાહ

Patrika Chenal Stg. Office, Mumbai-1 to be Published on 15th & Posted on 25-26 Every Month
Price Rs.5-00 JAGRUTI SANDESH RNI No. 66215/96 Regd. No. MCN/296/2019-2021

# AWARDS FUNCTION



ભૂતપૂર્વ ચેરમેનો શ્રી કિરણ શાહ, શ્રી દિનેશ શાહ તથા શ્રી હર્ષદ ગાંધી



ભૂતપૂર્વ ચેરમેન શ્રી રમેશ મોરબીયા, જેજેસી સેન્ટ્રલ બોર્ડના ચેરમેન
શ્રી સંજય શાહ તથા ટ્રસ્ટના ચેરમેન શ્રી જિતેન્દ્ર કોઠારી






## ઉચ્ચ શિક્ષણ અભિયાનનાં સમારંભમાં પધારેલ મહેમાનો




શ્રી સન્મુખાનંદ ફાઇન આર્ટસ એન્ડ
સંગીત સભાગૃહના ચેરમેન ડૉ. વી. શંકરની વતી ટ્રોફી સ્વીકારતા
શ્રી રાજેશ ગાંધી હસ્તે શ્રી દિનેશ શાહ, શ્રી કિરણ શાહ



ઉચ્ચ શિક્ષણ અભિયાન ૨૦૧૮ સમારંભમાં દરેક સેન્ટરના
પદાધિકારીઓ અને મહેમાનો સ્વાદિષ્ટ ભોજનની લહેજત માણતા

Printed & Published by : **SANJAY B. SHAH** on behalf of **JAIN JAGRUTI CENTRE,** Printed at **ARIHANT PRINTING PRESS,** Plot No. 310, Saibaba Nagar, Behind Trikal Bldg.,Pant Nagar, Ghatkopar (East), Mumbai - 400 075 and Published from Jain Jagruti Centre, Central Board Charitable Trust, 201, Mathura Arcade, Subhash Road, Vile Parle (East), Mumbai - 400 057. Editor : **CHANDRAKANT F. SHAH**